Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૩ • તા. ૬ જુન થી ૧૨ જુન ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



## શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી

અને

## કે.ડી.ઓ. મહાજન ટ્રસ્ટ
## રાપરગઢવારી

આયોજીત

## ૧૨૩મા

## ધજા મહોત્સવની ઝલકો

ધ્વજારોહણ : સંવત ૨૦૭૧ જેઠ સુદ ૧૦ ને તા. ૨૭-૫-૨૦૧૫





દાદા ભલારા

**ધ્વજારોહણના લાભાર્થી પરિવાર**

## અ.સૌ. સરલાબેન ભવાનજી હરશી લોડાયા

(રાપરગઢવારી-મુલુંડ)



**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 23/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## સામાજિક પ્રગતિની પૂર્વશરત : સમયોચિત અગ્રતાઓને સમજવી તથા તેને આધારે આયોજન કરવું

વ્યક્તિ હોય કે સમાજ સૌને અનેક જાતના ખેંચાણો વચ્ચે કામ કરવાનું હોય છે અને એટલા જ માટે અગ્રતાઓ રાખવી અને તે પ્રમાણેનું આયોજન કરવું બહુ જરૂરી બની જાય છે.

વધારે ઊંડા ઉતારીએ તો એ વાત પણ સમજાય છે કે દરેક સમાજ એક ઘરેડમાં રહેવા ટેવાયેલો હોય છે. તેને કારણે સમયોચિત અગ્રતા બહુ ઓછા લોકો સમજી શકે છે અને તેમને અગ્રતાને માન્યતા અપાવવા માટે લાંબો સંઘર્ષ કરવો પડે છે અને પછી ક્યારેક એવું પણ થાય છે કે તે સફળ થાય તેના થોડા સમય પછી તે અગ્રતા સમયોચિતતા ગુમાવી દે તોય તે એને જ જડતાપૂર્વક વળગી રહે છે. આટલી પ્રાથમિક સમજ સાથે ક.દ.ઓ., ક.વી.ઓ. અને વા.વી.ઓ. સમાજે વખતો વખત અપનાવેલી અગ્રતાઓની કોઈ એક વ્યક્તિ કે સંસ્થાના સંદર્ભમાં નહીં પણ સમગ્રતામાં છણાવટ કરીએ.

છેલ્લા ૨૦૦ વર્ષનો ગુજરાત-કચ્છ-રાજસ્થાનના બધા જૈન સમુદાયોઓનો ઇતિહાસ તપાસીએ તો મુંબઈ-કલકત્તા તરફ સ્થળાંતર કરીને સમૃધ્ધિ મેળવ્યા બાદ તેમની પ્રથમ અને સહજ અગ્રતા ધાર્મિક જણાય છે. તેનું કારણ કદાચ એવું હોઈ શકે કે આખા મુસ્લિમ કાળમાં વિવિધ જૈન સમુદાયોએ વત્તે ઓછે અંશે તેમની ધર્મ આરાધના કરવાની આજાદી પર પ્રહાર અનુભવેલા.

જ્યારે ઇ.સ. ૧૮૫૭ બાદ ઇંગ્લેંડની રાણીનું શાસન ભારતભરમાં પ્રસર્યું અને નવા પ્રકારનું શિક્ષણ આવ્યું ત્યારે તેમા શિક્ષિત થઈ પ્રતિષ્ઠા અને સમૃધ્ધિ પામેલા લોકોએ સમુદાયે શિક્ષણને પણ અગ્રતા આપવી જોઈએ તે માટેની ઝુંબેશ શરૂ કરી.

એ જાણવું રસપ્રદ છે કે આવી ઝુંબેશોની ફલશ્રુતિરૂપે ઓશવાલ જૈન સમુદાયોએ શિક્ષણનો અગ્રતામાં સમાવેશ કર્યો જેથી આ ફેરફારો જોવા મળ્યા : કચ્છી દશા ઓશવાલ સમાજમાં ઇ.સ. ૧૯૦૦માં પાઠશાળા (સ્કૂલ) અને ઇ.સ. ૧૯૦૪માં બોર્ડીંગ તેમજ ઇ.સ. ૧૯૪૮માં શિક્ષણ સહાય કરનારી સંસ્થા સ્થપાઈ. કચ્છી વિશા ઓશવાલ સમાજમાં ઇ.સ. ૧૯૦૫માં પાલાગલી સ્કૂલ અને ઇ.સ. ૧૯૧૩માં ધનજી દેવશી કેળવણી ફંડ તેમજ ઇ.સ. ૧૯૪૦ની આસપાસ હિરજી નેણશી માટુંગા બોર્ડીંગ સ્થપાયા. વાગડ વિશા ઓશવાલ સમાજમાં ઇ.સ. ૧૯૪૫માં ભચાઉ બોર્ડીંગ અને લાકડીયા કન્યા છાત્રાલય તેમજ ઇ.સ. ૧૯૬૦માં ઉચ્ચ શિક્ષણ માટે સહાય કરનાર વિશા ઓશવાલ કેળવણી ફંડની સ્થાપના થઈ.

જો શૈક્ષણિક સહાય પ્રવૃત્તિ વત્તે ઓછે અંશે પગભર થવાની વાત કરીએ તો કચ્છી દશા ઓશવાલ સમુદાયમાં તેમ વિરજી લધાભાઈની મિલકત શિક્ષણ માટે મળી ત્યારે ઇ.સ. ૧૯૬૦ની આસપાસ, કચ્છી વિશા ઓશવાલ સમાજમાં નવા મહાજન તરીકે ઓળખાતા કચ્છી મહાજનની સ્થાપના થઈ ત્યારે ઇ.સ. ૨૦૦૧ ની આસપાસ, વાગડ વિશા ઓશવાલ સમાજમાં શ્રી વાગડ ગ્રેજ્યુએટ અસોશીયેશન પ્રાથમિક શિક્ષણ માટે યોજના શરૂ કરી ત્યારે ઇ.સ. ૨૦૧૦ની આસપાસ તથા ઉચ્ચ શિક્ષણ સ્તરે ભરત રાયચંદ કોરશી કેળવણી ફંડની બીજી પંચવર્ષીય યોજના પુરી થશે ત્યારે ઇ.સ. ૨૦૨૦માં થશે.

જ્યાં સુધી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને લાગે વળગે છે ત્યાં સુધી પ્રસ્તુત મુદ્દો કે પ્રશ્ન એ છે કે જ્ઞાતિએ તેની શૈક્ષણિક આવશ્યકતાઓને દાયકાઓથી સારી અગ્રતા આપી જ છે. તો હવે રહેઠાણ જેવી અન્ય આવશ્યકતાને વધારે અગ્રતા ક્રમ આપવો કે કેમ ?

જો કે, સમુદાય તરીકે ટકી રહેવા અતિઆવશ્યક અગ્રતાની વાત આવે ત્યારે સામાન્ય રીતે સૌથી વધારે મહત્વ રહેઠાણને અપાતું હોય છે કે આપવું જોઈએ એવો આગ્રહ થતો હોય છે કેમકે આ બાબતે ચોક્કસ સમુદાયએ કેવું વલણ અપનાવ્યું છે તેને આધારે તેનું સામુદાયિક જીવન કેટલું સમૃદ્ધ બનશે અને કેટલા લાંબા સમય સુધી કાળની થપાટો સહન કરી શકશે તે નિર્ભર હોય છે.

કચ્છી દશા ઓશવાલ સમાજે સમુદાયે રહેઠાણ સમસ્યા હલ કરવાને અગ્રતા આપવી જોઈએ, એ બાબતનો સ્વીકાર છેક ઇ.સ. ૧૯૧૮માં કર્યો અને તેની ફલશ્રુતિરૂપે તે વખતે ઓશવાલ નિવાસનું નિર્માણ થયું હતું. ઇ.સ. ૧૯૨૭માં મુલુંડમાં વિજયનગર હાઉસીંગ સોસાયટી ઊભી કરનારા કચ્છી દશા ઓશવાલ આગેવાનો જ હતા. ઇ.સ. ૧૯૩૨માં તે જમાનામાં રૂઢ પૂર્વગ્રહ કે દેવદ્રવ્યનો

ઉપયોગ રહેઠાણ સમસ્યાના નિવારણ માટે ન થઈ શકે તેને અવગણીને મસ્જિદબંદરમાં અનંત નિવાસનું નિર્માણ થયું. ઇ.સ. ૧૯૫૨માં ઘાટકોપરમાં અત્યારે જ્યાં અત્યારે ભાનુશાલી વાડી ઊભી છે તે પ્લોટ માટે બયાનાના પૈસા અપાયા પણ કેટલીક રજૂઆતોને કારણે તે સોદો આગળ ન વધ્યો. ઇ.સ. ૧૯૬૪માં ઘાટકોપરમાં અનંતછાયા અને ઇ.સ. ૧૯૭૪માં ભાડુંપમાં અનંત સિધ્ધિ રહેઠાણ યોજનાઓ સમાજના આર્થિક રીત નબળા લોકોને નજીવા ભાડેથી રહેવા આપવા માટે જ્ઞાતિએ કરી.

તે પછી ઇ.સ. ૧૯૯૫ની આસપાસ કાંજુરમાર્ગમાં અનંતનાથ કૉમ્પ્લેક્સ નામે ઓળખાતી રહેઠાણ યોજના થઈ, જેમાં એકદમ વ્યાજબી ભાવે ઓનરશીપથી ફ્લેટો આપવાનો પ્રયત્ન થયો. તેજ અરસમાં ડોંબીવલી પાસે હોપ ૧૦૦૦ ટાઊનશીપ યોજના હાથ ધરાઈ. જોકે, કેટલા કારણોસર તેનું કામ બહુ આગળ વધ્યું નથી.

તે પછી આ મોરચે પીછેહટ થઈ અને માત્ર અનંતનાથ ટ્રસ્ટની જર્જરીત બીલ્ડીંગોનું રીડેવલેપમેંટ કરવાનું મર્યાદિત લક્ષ રખાયું. જે વખતે ક.દ.ઓ. જ્ઞાતિ આ મોરચે પીછેહટ કરી રહી હતી તે વખતે ક.વી.ઓ. સમાજે ઇ.સ. ૨૦૦૫ની આસપાસ આ ક્ષેત્રે પદાર્પણ કર્યું અને દસ વર્ષોમાં ૧૦૦૦ જેટલા રહેઠાણો જ્ઞાતિજનોને પડતરથી ઓછા ભાવે ઓનરશીપના ધોરણે આપ્યા. વાગડ વિશા ઓશવાલ સમાજ પણ ઇ.સ. ૨૦૦૭ની આસપાસ ભાયંદરમાં પાનબાઈ નગર રહેઠાણ યોજના શરૂ કરી પણ આ ક્ષેત્ર તો બહુ ગુંચવાળાવાળું છે એમ માની એક જ રહેઠાણ યોજનાથી સંતોષ માની લીધો.

આટલી માહિતાના પ્રકાશમાં જોઈએ તો ત્રણે ઓશવાલ સમુદાયોમાં કચ્છી દશા ઓશવાલ સમાજ સૌથી પ્રગતિશીલ અને સમૃદ્ધ ગણાતો રહ્યો, તેનું મુખ્ય કારણ તેણે સહજપણે આવતી ધાર્મિક અગ્રતા ઉપરાંત શિક્ષણ અને રહેઠાણને અગ્રતા આપી તથા તેમાં સંતુલન સાધ્યું તે છે.

જો કે, આ સંતુલન છેલ્લા દોઢ દાયકાથી ખોરવાઈ ગયું છે. નવાઈની વાત તો એ છે કે જેને વિકસાવીએ તો લગભગ ૧૦૦૦ ઘર બાંધી શકાય એટલી અણવિકસિત મિલકતો હોવા છતાં રહેઠાણ સમસ્યા ઉકેલવા બાબતે ઉદાસીનતા વધી રહી હોવાથી સ્વાભાવિક રીતે જ્ઞાતિના આર્થિક રીતે નબળા વર્ગમાં જ નહીં મધ્યમ વર્ગમાં પણ નિરાશાનું વાતાવરણ ઊભું થયું છે.

અધુરામાં પુરું જ્ઞાતિએ રહેઠાણ સમસ્યા ઉકેલવા માટે ફાળવેલા નાણામાંથી થયેલા ફાયદાને રહેઠાણની અગ્રતામાંથી શિક્ષણની અગ્રતા તરફ ખેંચી જવાના પ્રયત્ન થયા છે.

જો કે, અનંતનાથ ટ્રસ્ટની તાજેતરની ચુંટણીમાં છેલ્લી ઘડીએ આવેલા નાટ્યામક વળાંકથી જ્ઞાતિ સમક્ષની ટકરાતી અગ્રતાઓમાંથી જ્ઞાતિ પોતે ખરેખર શું માને છે તે વ્યક્ત કરવાની તક જ ન મળી.

અલબત જો ક.દ.ઓ. જૈન જ્ઞાતિએ ફરીથી કચ્છી જૈન સમુદાયોમાં મોખરાના સ્થાને આવવું હોય તો તેણે શિક્ષણ અને રહેઠાણની અગ્રતાઓ વચ્ચે સંતુલન સાધવું પડશે. એટલુંજ નહી પણ શિક્ષણને અગ્રતા માનીને કરેલ ફાળવણીમાં પણ અગ્રતાઓ નક્કી કરીને તેનો બુધ્ધિસંગત ઉપયોગ કરવો પડશે.

આશા રાખીએ જ્ઞાતિ ઓછામાં ઓછા ટકરાવ અને વધુમાં વધુ સંવાદ દ્વારા પોતાની અગ્રતાઓને સમયોચિત અને સંતુલિત બનાવવાનો પડકાર સફળતા પૂર્વક ઝીલી શકશે.

– ચંદ્રસેન મોમાયા

## જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.

કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.

**પ્રકાશ–સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક–વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઇચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

## દાયકાઓ પછી ય પરમ સમીપે માંની પ્રાર્થનાઓ હૈયાને એવીજ ટાઢક આપે છે !

રવિન્દ્રનાથ ટાગોરની એક સુંદર પ્રાર્થના છેઃ અન્તર મમ વિકસિત કરો, અન્તર-તર હે ! નિર્મલ કરો, ઉજ્જ્વલ કરો, સુન્દર કરો હે! 'નિશ્ચેના મહેલમાં' પુસ્તકમાં ઉમાશંકર જોશી આ પ્રાર્થના વિશે લખે છેઃ માણસ કોઈ ધન્ય ક્ષણે ભીતર ડોકિયું કરી બેસે તો ચોંકી ઊઠે છે - મારું અંતર આટલું સાંકડું ! આમ તો હું બહુ ફૂલ્યોફાલ્યો ફરું છું. વાડીવજીફામાં પહોળો પથરાઈને પડ્યો છું. મારે માટે કેટકેટલા માણસો દોડાદોડ કરે છે. કેટલા મોટા વર્ગ પર મારો સત્તાદોર ચાલે છે. કેટલો ફેલાઈને બેઠો છું. પણ ભીતર ? મારું ભીતર તો કોડિયા જેવડું પણ લાગતું નથી બહાર વિસ્તાર પણ અંદર અંકડાશ.



'અમેરિકાના મહાત્મા થૉરો ('વૉલ્ડન'ના લેખક)એ એક સુંદર અનુભવસૂત્ર ઉચ્ચાર્યું છેઃ ધ મોર આય હેવ, ધ લેસ આય એમ. જેમ અદકેરો-ઝાઝેરો મારો વૈભવ એમ ઓછેરું-આંછેરું મારું અસ્તિત્વ. જેમ જેમ મારી માલિકીની વસ્તુઓ વધતી જાય, તેમ તેમ હું ઓછો થતો જાઉં છું, મારું અસ્તિત્વ ઓસવાતું જાય છે.'

ટાગોર કહે છેઃ જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે! મંગલ કરો, નિરલસ નિઃસંશય કરો હે! અન્તર મમ વિકસિત કરો.

પ્રાર્થનાસાહિત્યમાં ગુજરાતીમાં સૌથી મોખરાનું નામ હોય તો તે કુન્દનિકા કાપડીયા દ્વારા સંપાદિત અને અનુદિત સદા બહાર 'પરમ સમીપે'નું, 'પરમ સમીપે'માંની કેટલીય પ્રાર્થનીઓ આજે ત્રીસ વર્ષ પછી પણ હૃદયને શાતા આપી રહી છે.

પ્રસ્તાવનામાં કુન્દનિકાબહેને નોંધ્યું છે એમ આ સંકલનની પ્રાર્થનાઓ પાંચ વિભાગમાં વહેંચાયેલી છે. પહેલા વિભાગમાં વૈદિક-પૌરાણિક પ્રાર્થનાઓ છે. બીજા વિભાગમાં સંત જ્ઞાનેશ્વરથી ગુરુદયાળ મલ્લિક સુધીના પ્રસિદ્ધ સંતો-ભક્તોના ઉદ્ગારો છે. ત્રીજા વિભાગમાં મુખ્યત્વે વિદેશી લેખકો-કવિઓનું ભાવનિવેદન છે. ચોથા તથા પાંચમા વિભાગમાં જે રચનાઓ છે તેમાંની કેટલીક કુન્દનિકા કાપડીઆએ સ્વતંત્રપણે રચેલી છે અને કેટલીક પ્રાર્થનાને લગતાં જે અનેક પુસ્તકો લેખિકાએ વાંચ્યાં છે તેની છાયા હેઠળ રચાયેલી છે. આ પુસ્તકોની નાનકડી યાદી પણ એમણે આપી છે.

કુન્દનિકા કાપડીઆ લખે છેઃ 'પ્રાર્થના જીવનનું બળ છે. વિષમ પરિસ્થિતિમાં મુકાયેલા, શોકમાં હતાશ, પોતાને અસહાય અને અંધકારમાં ખોવાયેલા અનુભવતા મનુષ્યને, સાચા, ઊંડા ભાવથી કરેલી પ્રાર્થના, તેની સ્થિતિમાંથી ઉપર ઊંચકી લઈ એક મહત્ ચૈતન્ય સાથે તેની સંબંધ જોડી આપે છે. મને માત્ર શ્રદ્ધા જ નહિ, પ્રતીતિ છે કે ભગવાન આપણી પ્રાર્થના સાંભળે છે અને પોતાની રીતે તેનો જવાબ પણ વાળે છે.'

'પરમ સમીપે'માંની સંગ્રહાયેલી પ્રાર્થનાઓમાંની અનેક પ્રાર્થનાઓના શબ્દોએ જીવનના વિવિધ તબક્કાઓમાં, એમાં રહેલા ભાવે અને એના ગૂઢ અર્થોએ કાં તો શાંતિ આપી છે. કાં બળ આપ્યું છે, કાં આશા જન્માવી છે કાં પરિસ્થિતિનો સ્વીકાર કરતાં શીખવાડ્યું છે.

'પરમ સમીપે'માં રવીન્દ્રનાથ ટાગોરના આ શબ્દો છેઃ 'વિપત્તિમાં મારી રક્ષા કરો, એ મારી પ્રાર્થના નથી ! પણ વિપત્તિમાં હું ભય ન પામું, એ મારી પ્રાર્થના છે.' 'મને સહાય ન આવી મળે તો કાંઈ નહિ/પણ મારું બળ તૂટી ન પડે,/સંસારમાં મને નુકસાન થાય/કેવળ છેતરવાનું જ મને મળે,/તો મારા અંતરમાં હું તેને મારી હાનિ ન માનું તેવું કરજો.' રવિન્દ્રનાથ છેલ્લે પ્રાર્થે છેઃ'મને તમે ઉગારો-એવી મારી પ્રાર્થના નથી,/પણ હું તરી શકું એટલું બાહુબળ મને આપજો./મારો બોજો હળવો કરી મને ભલે હૈયાધારણ ન આપો/પણ એને હું ઊંચકી જઈ શકું, એવું કરજો.'


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ. સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com





આ કટિંગ લાવનારને ૨૦ જુન સુધી ફીમાં રૂા. ૧૦૦૦નું ડિસ્કાઉંટ

કુન્દનિકાબહેનના માધ્યમથી આપણા સુધી પહોંચતા ટાગોરના આ શબ્દોમાં સો ટચની શ્રદ્ધા મૂકવાનું ફાવી જાય એ પછી જિંદગીમાં બીજા કોઈ પ્રાર્થનાની જરૂર રહેતી નથી એવું હું જાતઅનુભવ પરથી માનતો થયો છું.

'પરમ સમીપે'માં બેટી સ્કૉટ સ્ટેમની પ્રાર્થના છેઃ 'પરમાત્મા, મારી બધી યોજનાઓ અને ઉદ્દેશો/મારી બધી ઈચ્છાઓ અને આશાઓ/હું છોડી દઉં છું./મને મારા જીવન વિશે/તમારી જે ઈચ્છા હોય/તે સ્વાકારું છું... તમે ઈચ્છા તેમ મારો ઉપયોગ કરો/ઇચ્છો ત્યાં મને મોકલો.'

બીજી એક પ્રાર્થના, સંભવતઃ, કુન્દનિકાબહેનની મૌલિક રચના છેઃ 'મને કોઈના પ્રત્યે દ્વેષ નથી, કોઈના પ્રત્યે દુર્ભાવ નથી./બધા પૂર્વગ્રહો, ભૂતનાં સ્મરણો અને ભવિષ્યનાં સપનાં,/ચારે તરફથી એકઠા કરેલા વિચારો, અભિપ્રાયો ને પ્રતિભાવો/મારા મનમાંથી ખરી પડે છે.'

આવી જ એક અન્ય પ્રાર્થનાનો અંશ છેઃ

'હું વ્રત, એક ટાણાં, ઉપવાસ કરું/અને મારા મનમાંથી ગુસ્સો, ઈર્ષ્યા, ડંખ નિર્મૂળ ન થાય/તો મારું એ તપ મિથ્યા છે.'

'હું મંદિરે જાઉં, ફૂલ ચડાવું, માળા ગણું/અને મારાં કર્મમાંથી સ્વાર્થ, લોભ, મોહ નિર્મૂળ ન થાય/તો મારી પૂજા મિથ્યા છે.'

'હું જપ કરું, સત્સંગ કરું, ધ્યાન કરું/અને મારા ચિત્તમાંથી અહંકાર, અભિમાન, મોટાઈનો ભાવ/નિમૂળ ન થાય, તો મારી એ ઉપાસના મિથ્યા છે.'

રોજરોજની જિંદગીમાં બનતા ઝંઝાવાતી બનાવો અને એને કારણે કોઈ કારણ વિના જ મનમાં વાવાઝોડાની જેમ ફૂંકાતા વિચારો-આ બધામાં સમતા રાખવા માટે બીજે ક્યાંય જવાની જરૂર નથી. કોઈ બાબાગુરુ કે ફ્રેન્ડ-ફિલોસોફર-ગાઈડની પણ જરૂર નથી. કોઈ સાઈકીએટ્રિસ્ટ કે સાથી-પ્રિયજનની પણ જરૂર નથી. માત્ર આટલા શબ્દો જ પૂરતા છે. 'પરમ સમીપે'ની પ૯મી પ્રાર્થના અહીં આખેઆખી અવતરણ પામે છેઃ

'હે પ્રભુ, સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ

બધી બાબતો અવળી પડતી હોય ત્યારે, હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવા તે મને શીખવ

પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે શાંતિ કેમ રાખવી તે મને શીખવ

કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે ખંતથી તેમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ

કઠોર ટીકા ને નિંદાનો વરસાદ વરસે ત્યારે તેમાંથી મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ

પ્રભોલનો, પ્રશંસા, ખુશામતની વચ્ચે તટસ્થ કેમ રહેવું તે મને શીખવ

ચારે બાજુથી મુશ્કેલીઓ ઘેરી વળે શ્રદ્ધા ડગુમગુ થઈ જાય, નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય, ત્યારે ધૈર્ય અને શાંતિથી તારી કૃપાની પ્રતીક્ષા કેમ કરવી તે મને શીખવ.

**- સૌરભ શાહ,**

ગુડમોર્નિંગ (મુંબઈ સમાચાર)માંથી સાભાર


ચંદ્રપ્રભુ સ્વામી નમઃ

## શ્રી નલિયાવાસી ડોમ્બીવલી મિત્ર મંડળ

દ્વારા મુંબઈ / થાણા જીલ્લામાં વસતા જરૂરતમંદ નલિયા ગામવાસીઓ, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે ૧ થી ૭ ધોરણ સુધીના વિદ્યાર્થીઓને ૨ ડઝન નોટબુક ફ્રી તથા ૮ થી ઉપર ધોરણના વિદ્યાર્થીઓ માટે ૨ ડઝન A/4 લોંગ બુક ફ્રી દેવામાં આવશે. આ માટે નલિયાવાસી મિત્ર મંડળ ના કાર્યકરો પાસે નામ લખાવવા નમ્ર વિનંતી.

ચેતન નાગડા - 9820105078
વંદના દંડ - 7303115999
પ્રગ્નેશ નાગડા - 9820254737
અમિત ખોના - 7666305511
પરેશ ખોના - 9820940486

**વિતરણ સ્થળ :** બી-૧૦૧, ત્રિભુવન સોસાયટી, દિન દયાલ રોડ, આનંદ નગર, ડોમ્બીવલી (વેસ્ટ).

**વિતરણ તારીખ :** ૭/૬/૨૦૧૫ સાંજના ૫ થી ૭ તથા ૧૪/૭/૨૦૧૫ ના સવારના ૧૦ થી ૧.


## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ : દુકાળની સ્થિતિને પહોંચી વળવા સહકાર આપો

શ્રી જખૌ પાંજરાપોળના ટ્રસ્ટીઓ અને સંચાલકો કચ્છ અને ખાસ કરીને અબડાસામાં તીવ્ર દુકાળની સ્થિતિને ધ્યાનમાં લેતા સંસ્થાને મળેલા ઉદાર ફાળો આપનાર બધા દાતાઓ અને હિતેચ્છુઓનો હદયપૂર્વક આભાર માને છે. કચ્છમાં જ્યાં સુધી સારા પ્રમાણમાં વરસાદ ન થાય ત્યાં સુધી વધુ સહકાર આવકાર્ય છે. સહકાર આપો અને અબોલ પશુઓના અંતરના આશીર્વાદ મેળવો.

આપ આપનો ફાળો નીચેની વિવિધ રીતે મોકલી શકો છો : ૧) શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના નામે ડીડી કે પોસ્ટલ ઓર્ડર મોકલી શકો છે. ૨) શ્રી અરિહંત કો-ઑપ. બેંક લિ. ચીંચબંદર શાખા જેનો IFC Code : ICIC00ARIHT અને ખાતા નં. 004001000558 છે, તેમાં NEFT/RTGS પદ્ધતિથી દાન મોકલી શકાય. ૩) IMPS (મોબાઈલથી ચુકવણી પદ્ધતી માટે)નો નં. MMID 8359774 છે. તેમાં મોબાઈલથી દાન મોકલી શકાય છે. ૪) સુચના આપશો તો અમારો માણસ આવીને દાન લઈ જશે.

**- મહેન્દ્ર ડી. ખોના** (મેનેજીંગ ટ્રસ્ટી)

મો.: 09323917075

## દશમાં અને બારમાના વિદ્યાર્થીઓ માટે અબ્દુલ કલામ સ્કૉલરશીપ

દશમા ધોરણમાં ૭૫% થી વધારે ગુણાંક મળેવનાર વિદ્યાર્થીઓને અબ્દુલ કલામ સ્કૉલરશીપ સ્કીમ રહેળ રૂા. ૧૦,૦૦૦/- ની સ્કૉલરશીપ મળશે. આ અંગેના અરજીપત્રકો મ્યુનીસીપલ કોર્પોરેશનમાં મળશે. વાલીઓએ આ તક જતી કરવી નહીં, કારણ કે આપના પુત્ર-પુત્રી તેના હકદાર છે. બારમા ધોરણમાં ૮૫% થી વધારે ગુણાંક મળેવનાર વિદ્યાર્થીઓને રૂા. ૨૫,૦૦૦/- ની સ્કૉલરશીપ મળે છે. (માહિતી મોકલનાર : કલ્પેશ માણેકજી મોતા)

## જૈન દર્દીઓ અને સંબંધીઓને માટે નિઃશુલ્ક ટીફીન સેવા

મુંબઈની કોઈ પણ હોસ્પીટલમાં જૈન દર્દીઓ અને તેમના સહયોગીઓને નિઃશુલ્ક ટીફીન સેવા મળશે. ૧૨ કલાક પહેલાં સૂચના આપવાથી સુવિધા ઉપલબ્ધ : ચંપાલાલ જી જૈન, જૈન સહારા સંસ્થા, મુંબઈ મો. 098204 48749 - ડૉ. ઉદય
(માહિતી મોકલનાર : મૃદુલા હીરાચંદ દંડ)

## શ્રી પદમકુમાર ધનજી નાગડા શંખેશ્વરમાં સેવા આપશે

જાણીતા સામાજીક કાર્યકર શ્રી પદમકુમાર ધનજી નાગડા શંખેશ્વર તીર્થ ખાતે આવેલ મીઠુબાપા ભવન (સંઘવી ધર્મશાળાથી પાછળ, શંખેશ્વર ૩૮૪-૨૪૬), સહાયક મેનેજર તરીકે જોડાયા છે. તેમનો સંપર્ક નંબર 70968 20028 છે.

## હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવારના સથવારે તા. ૨૬-૦૬-૨૦૧૫ ને શુક્રવારના સવારના ૧૦ વાગ્યાથી ૧ દરમ્યાન પરબ શક્તિ સંજીવની સોસાયટીની ક્લિનીક, શ્રી અનંતનાથ કોમ્પલેક્સ (જૈન કોમ્પ્લેક્સ), ડબ્બા કંપનીની બાજુમાં, કાંજુરમાર્ગ (ઈસ્ટ)માં હાડકાની તકલીફ ધરાવતા દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ યોજાયેલ છે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ, મોબાઈલ : **96192 70430** પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે. રજીસ્ટ્રેશનની છેલ્લી તા. ૨૦-૦૬-૨૦૧૫.

**કિડની, લીવર, સ્કિન તથા અન્ય રોગના દર્દીઓ માટે હોમિયોપેથિક મેડીકલ કેમ્પ** (શનિવાર તા. ૨૭-૦૬-૨૦૧૫ સવારના ૧૧ વાગ્યાથી સાંજના ૪ સુધી તથા રવિવાર તા. ૨૮-૦૬-૨૦૧૫ ના સવારના ૯ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેન્ટર, ચેમ્બુર ખાતે યોજાયેલ છે.

રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહશે. ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક : શ્રીમતી શ્વેતા મિતેશ શાહ - મોબાઈલ : **96192 70430** પર રજીસ્ટ્રેશન જરૂરી છે.

શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

આયોજીત **સમુહલગ્ન ૨૦૧૫**

૧૩-૧૨-૨૦૧૫ના સમુહલગ્ન કચ્છમાં યોજનારા સમુહલગ્નમાં જોડાવવા ઈચ્છુક વ્યક્તિઓ ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.
સંપર્ક : પ્રબોધ મુનવર (ભુજ) : 9925169876, ગોંવિદજી પટેલ : 9820540949, કિરણ દંડ : 9833808244, વિરેન્દ્ર લોડાયા : 9821073830, ગુલાબ દંડ (અમદાવાદ) : 9824097078, ચંદ્રેશ છેડા (રાયપુર) : 9425213540, શાંતિલાલ લોડાયા (વડોદરા) : 9824012971, અરવિંદ લોડાયા (ગાંધીધામ) : 9825634649, લક્ષ્મીચંદ દંડ (ખંડવા) : 9977550110

લી. કીરણ દંડ - પ્રબોધ મુનવર


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
**Mob. : 7666688881**
ગુરૂવાર બંધ

# આરોગ્ય પ્રકાશ - આરોગ્ય માટે ઉપયોગી જાણકારી

**ડૉ. વીરચંદ લખમશી નાગડા** (M.B.B.S. Mumbai), Mob.: **070696 21931**

૧) બોસ્ટન (અમેરિકા)ની અમેરિકન કોલેજ ઓફ રયુમેટોલોજી (આમવાત)ના નવા અભ્યાસમાં જણાયું છે કે જીવનના કોઈપણ તબકકે રોજ દોડવાથી સંધીવાત-સાંધાની તકલીફો થતી નથી.

ઘણું કરીને સંધીવાત ઘુંટણમાં થાય છે. સાંધાની કાર્ટીલેજ ઘસાય કે તૂટે એટલે આ બિમારી થાય. ઉંમર, જાડાપણું, ઈજા અથવા સાંધાપર સ્ટ્રેસ-દબાણ કે અનુવાંશિક કારણોને લીધે કાર્ટીલેજ ઘસાય કે તૂટે. અલગ-અલગ 'એજગ્રુપ' વાળા ૨૬૮૩ જણા પરના અભ્યાસમાં જણાયું કે જેમણે જીવનના કોઈપણ સ્ટેજમાં રોજ દોડવાની આદત કેળવી હોય એમને સંધીવાતની તકલીફ બહુ ઓછી કે નહીંવત હતી. જેમને સંધીવાત ન હોય તેમણે ગમે તે ઉંમરે દોડવાની કસરત ચાલુ કરી દેવી જોઈએ જેથી એમને બીજા ફાયદોઓ સાથે સાંધામાં પણ ફાયદો થાય છે.

સંધીવાત કે હૃદયરોગ જેથી બિમારી હોય એમને ડૉક્ટર સલાહ સાથે તો જ દોડવાની કસરત શરૂ કરવી જોઈએ.

૨) બટાટા, ભાત, મકાઈ જેવા સ્ટાર્ચયુક્ત પદાર્થો ખાવાથી અને વિટામીન 'બી' મેગ્નેશિયમ જેવા ખનીજ ક્ષારો ધરાવતા પદાર્થ (શેકેલા શીંગદાણા વગેરે) ખાવાથી શરીરમાં 'સર્ટોનીન ' નામનું રસાયન સક્રીય થાય છે જે આપણને આનંદિત બનાવે છે, મુડ સુધારે છે અને ખાસ કરીને મનોપોઝ (૪૫-૫૦ વર્ષની ઉંમરે માસિક બંધ થવાનો સમયગાળો) માં આવેલ સ્ત્રીઓ અને પ્રસુતિ પછીની સ્ત્રીઓને ફાયદો થાય છે.

ડાયાબિટીઝ હોય એમણે ભાત, બટાટા, મકાઈ વગેરે ડૉક્ટરની સલાહ પછી જ લેવા. શેકેલા શીંગદાણામાં મીઠું અને તેલ હોવાથી જાડાપણું, હાઈ બી.પી. હૃદયરોગ હોય એમણે ન લેવા.

૩) અમુક લોકો રાત્રે નાઈટલેમ્પ વાપરતા હોય છે પણ નાઈટલેમ્પને લીધે સૂવાના ઓરડામાં પુરેપુરૂં અંધાર નથી હોતુ. અંધારા ઓરડામાં સૂવાથી શરીરમાં 'મેલાટોનીન' નામના હાર્મોનની ઉત્પતિ વધુ થ ાય છે અને સારી ઉંઘ આવે છે પણ નાઈટલેમ્પના અજવાળામાં આ હોર્મોન ઓછું ઉત્પન્ન થાય છે, તેથી ગાઢ, સારી ઉંઘ નથી આવતી.

મોટી ઉંમરના એ લાઈટનું 'હેંગીંગ બટન સૂવાના પલંગ-પથારી નજીક રાખવું જેથી પેશાબ કરવા ઉઠવું પડે લો લાઈટ ચાલુ કરી જઈ શકાય જેથી પડી ન જવાય અને ફ્રેક્ચર વગેરેનો ભય ન રહે.

૪) વિટામીન 'સી' ધરાવતા ખાદ્યો આમળા, લીંબુ, સંતરા, પેર, જમરૂખ, લીલાં મરચાં વગેરે રોજ લેવાથી અને જે ખાદ્યો વનસ્પતિના પીગમેંટસ ધરાવતા હોય કે' કેરોટેનોઈડસ્' ધરાવતા હોય (મોટા ભાગની રંગીન ફળો અને શાકભાજીઓ) વગેરે રોજ લેવાથી મોતીયાની તકલીફ થવાની શક્યતા ખૂબ ઘટી જાય છે, સાથે બીજા ફાયદાઓ તો થાય જ છે.

સવારે ઉઠીએ એટલે વગર કાંઈ બોલે સહેજ મોં ખોલી પહેલી આંગળી (ઈન્ડેક્સ ફીંગર) પર વાસી થુંક લઈ હળવેથી એક આંખમાં આંજવું પછી બાજી આંગળીથી એમજ બીજી આંખમાં વાસી થુંક આંજવું એનાથી મોતીયો જલ્દી થતો નથી અને આંખની ઘણી બિમારીઓ થતી નથી.

૫) આજકાલ જાડાપણા (ઓબેસીટી) ની તકલીફ ઘણાને થાય છે. શરીરમાં ચરબી વધે એટલે લીવરમાં જમા થાય. સોનોગ્રાફી જેવી તપાસમાં 'ફેટી લીવર' નો રીપોર્ટ આવે. ફેટીલીવર હોય તો તે વ્યક્તિએ બીપીડ પ્રોફાઈલ (ટોટલ કોલેસ્ટ્રેલ, ટાઈગ્લાસરાઈડ, એલ.ડી.એલ અને એચ.ડી.એલ. કોલેસ્ટ્રોલ વગેરે) કરાવી લેવા. આ રીપોર્ટ ફેટી લીવરવાળાને ખરાબ હોવાના સંજોગો વધુ છે.

લીવરમાં ફેટ જમા ન થાય એ માટે તળેલી વસ્તુઓ ખાવાનું ટાળીએ, ચાલવું, કસરત વ્યાયામ કરીએ, ફળો, શાકભાજી વધારે ખાઈએ અને સાથે 'પ્રોબાયોટીક' વાળા ખાદ્યો દહીં, છાશ વગેરે નિયમિત લઈએ. ૧ મહીનો આવા ખાદ્યો ખાવાથી લીવરમાંના ફેટ ઘટે છે એમ એક અભ્યાસમાં જણાયુ. છાશ આંતરડાનું ટોનીક છે. રોજ દહીં ખાનાર લાંબુ, નિરોગી જીવન જીવે છે.

૬) કેળાં જો કેલીકલમાં ડુબાડ્યા વગર કુદરતી રીતે પચાવ્યા હોય તો વધારે ખાવા જોઈએ કારણ કે એમાં પોટેશ્યમ ભરપૂર હોય છે (૧ મોટા કેળામાં ૮૦૬ મી.ગ્રા.) અને સોલ્ટ ઓછું હોવાથી

શુભેચ્છાઓ સહ...
સાંઘવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

બીજા ફાયદાઓ સાથે હાઈ બી.પી.ને કન્ટ્રોલમાં રાખે છે. હાર્ટએટેક, સ્ટ્રોક સામે રક્ષણ મળે છે.

કેળામાં વિટામીન બી ૧૨ પુષ્કળ હોય છે જેનાથી મગજમાંથી નિકળતી નસો (નર્વસ) દ્વારા મગજના સંદેશાઓ શરીરના સ્નાયુ, સાંધા અને બીજી ભાગો સુધી પહોંચવાની ક્રિયામાં સુધારો થાય છે, ઝડપી બને છે. કેળામાં પુષ્કળ પ્રમાણમાં રહેલા 'ટીપ્ટોફેન' જેનું સેરોટીનીનમાં રૂપાંતર થાય છે જે આનંદી મૂડ રાખવામાં મદદ કરે છે. તે મગજના ન્યુરોટ્રાન્સમીટર છે જે ડીપ્રેશનને દૂર કરે છે.

કેળામાંના આયર્નને લીધે એનીમીયા દૂર થાય છે. પુષ્કળ પેક્ટીન હોવાથી પાચનમાં મદદ કરે છે અને શરીરમાંથી ટોક્સીન-ઝેરો દૂર કરે છે, ભારી ધાતુઓને શરીરમાંથી કાઢે છે અને શરીરને નુકશાનથી બચાવે છે.

'એસીડ રીફલસ' છાતીની બળતરા (હાર્ટબર્ન), એસીડીટી, એસીડનું અન્નનળીમાં પાછું જવું જેવી તકલીફોમાં રાહત આપે છે. કુદરતી રીતે પકાવેલા કેળા રોજ ખાઓ.

૭) કમરદર્દ અને પીઠના દર્દથી બચવા ઘણું કરી ડૉક્ટર કઠોર-સખત લાગતી પથારી કે પાટપર સૂવાની સલાહ આપે છે પરંતુ સંશોધનોમાં જણાવ્યું છે કે સખત પથારી સારી ન ગણાય તેમજ એકદમ નરમ પથારી પણ બરાબર નથી. પીઠ દર્દ-કમર દર્દ થી રાહત મેળવવા વધારે સખત ન હોય અને વધારે નરમ ન હોય એવી પથારી પર સુવું વધારે સલાહભર્યું છે.

પથારી બહુ પોચી હોય તો પીઠ ઘસાઈ જાય અને પેશીઓ ઢીલી પડી જાય છે એમજ લાકડાની પાટ કે કડક પથારી પર સુવાથી ખભા અને કુલા (હિપ્સ) પર વધારે પડતું વજન પડે છે. મધ્યમ પ્રકારની બહુ સખત નહી કે બહુ નરમ નહી એવી પથારી વાપરવાથી શરીરના વજનનો યોગ્ય આધાર મળવા ઉપરાંત શારીકિક આકાર-શેપ જળવાય છે અને તકલીફમાં, દુઃખાવામાં રાહત રહે છે.

૮) વરસાદની ઋતુમાં જંતુજન્ય રોગો, ઈન્ફેકશન વધુ થાય છે માટે કડવા શાકભાજી (કારેલાં) અને કડવા ખાદ્યો કડવો લીમડો, હળદર વધુ ખાઓ. આમાં એન્ટીએક્સિડંટ અને ઔષધીય ગુણો હોવાથી તે ઈન્ફેકશન સાથે લડે છે, અને આમ શરીરને ફાયદો થાય છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, અરોમા હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25576


### ક.દ.ઓ. આગેવાનોની મધ્યસ્થીને લીધે કચ્છી જૈન ફાઉન્ડેશન સાથે ફરી સુમેળભર્યા સંબંધો

કચ્છી જૈન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત રહેઠાણ યોજના હેઠળ ફરી સુમેળતાસહ ક.દ.ઓ. જ્ઞાતિજનોને પણ આવાસ યોજનાનો લાભ મળે તે હેતુએ ફાઉન્ડેશનનાં ટ્રસ્ટીઓ તથા ક.દ.ઓ. અગ્રણી શામજીભાઈ દંડ અને કુમારભાઈ દંડ વાર્તાલાપ કરી રહ્યા છે.

### કે.ડી.ઓ. ક્લાસિક દ્વારા કચ્છના વિદ્યાર્થીઓને વિરાયતનમાં પ્રવેશ અપાવવાની ઑફર

કે.ડી.ઓ. ક્લાસિક દ્વારા જ્ઞાતિના કચ્છના વિદ્યાર્થીઓને વિરાયતનમાં ફી ભણાવવાની ઑફર અંતર્ગત જ્ઞાતિના કચ્છના બે વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે.

વધુ ત્રણ વિદ્યાર્થીઓ આ ઓફરનો લાભ લઈ શકે છે. આ ઑફર પ્રમાણે સંસ્થા દ્વારા વીરાયતન વિદ્યાપીઠ કચ્છમાં દાખલ થનાર વિદ્યાર્થીની સ્કુલ ફી, રહેવા, જમવા, યુનીફોર્મ, બુટ, પાઠ્યપુસ્તકો, નોટબુક, સ્ટેશનરી વગેરે સંસ્થા તરફથી આપવામાં આવશે.

સંપર્ક : કે.ડી.ઓ. ક્લાસિક ઉત્કર્ષ નિધી : બી/૧૪૦૩, ૦૨ કમર્શિયલ ટૉવર, મિનર્વા ઇન્ડસ્ટ્રીયલ ઇસ્ટેટ, ત્રિમુર્તી માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ -૪૦૦ ૦૮૦.

### ભૂલ સુધાર

- 'અંક નં. ૨૨માં છેલ્લે પાને ઝુકી તો જવાય ને' ના લેખક હંસકુમાર રાયચંદ સાવલા - હૈદ્રાબાદ છે. મુદ્રણ દોષથી અન્ય નામ છપાયું હતું.

- અંક નં. ૨૨માં ૧૯માં પાને પ્રકાશિત થયેલ I.C.S.E. Board માં 97.16% ઉત્તીર્ણ થયેલ ખુશ્બુ જીતેન હીરાચંદ નાગડા, ભાંડુપને અભિનંદન- શુભેચ્છા આપતી જાહેર ખબરમાં માતાનું નામ જાગૃતિ જીતેન હીરાચંદ નાગડા વાંચવું.

- અંક નં. ૨૨માં ૧૯માં H.S.C. Exam માં ઉત્તીર્ણ થયેલ અજય - છાયા વિરેન્દ્ર લોડાયાને અભિનંદન પાઠવતી જાહેર ખબરમાં અભિનંદન કર્તાઓ માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી જીવરાજ લોડાયા (નલીયા- મુલુંડ) અને માતુશ્રી હિરાવંતી બંકીમચંદ્ર જેઠાલાલ દંડ (મંજલ - ભાંડુપ) વાંચવું.

- અંક નં. ૨૧માં નાશિક ફેક્ટરીમાં ઓફીસ અસીસ્ટંટ, અકાઉન્ટટ, બી.ઈ. મેકેનિકલ, ઇલેક્ટ્રીક એન્જીનીયરની જગ્યાઓ માટે છપાયેલ જાહેર ખબરમાં ઈ-મેલમાં નીચે મુજબ સુધારીને વાંચવું. **E-mail : mitcsteel@gmail.com**

## ''આદેશ્વરદાદા દરબારે ચાતુર્માસની વધામણી, અવસર આવે છે, કરવા આત્માની કમાણી''

આનંદ, હર્ષ અને ઉલ્લાસભેર જણાવંતા અમારા મનનો મોરલીયો નૃત્ય કરે છે. કારણ છે, અચલગચ્છાધિપતિશ્રી, તપસ્વીરત્ન, સંઘશિરછત્ર પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પરમવિદુષી પ.પૂ.પુણ્યોદયશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. જીનેન્દ્રગુણાશ્રીજી મ.સા., પ.પૂ. વંદનગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. યથાર્થગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ નું સંવત ૨૦૭૧ ની સાલનું વર્ષાવાસ શ્રી આદિનાથજી જિનાલય, અનંત સિધ્ધિ, ભાંડુપનાં પ્રાંગણમાં પ્રાપ્ત થયેલ છે. શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, ભાંડુપ તથા મુંબઈ મહાજન પૂ. આચાર્યદેવ તથા પ.પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા નો ખૂબ ખૂબ ઋણી છે. સૌ આરાધકોને ચાતુર્માસ દરમ્યાન આરાધનામાં જોડાવવા ભાવભર્યું આમંત્રણ.

**ચાતુર્માસ પ્રવેશ :**

અષાઢ સુદ-૮ ગુરૂવાર તા. ૨૩-૭-૨૦૧૫
સવારના ૬.૩૦ કલાકે

લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, ભાંડુપ**

## ''અનંતનાથ દરબારે ચાતુર્માસની વધામણી, અવસર આવે છે કરવા આત્માની કમાણી''

આનંદ, હર્ષ અને ઉલ્લાસભેર જણાવંતા અમારા મનનો મોરલીયો નૃત્ય કરે છે. કારણ છે, અચલગચ્છાધિપતિશ્રી, તપસ્વીરત્ન, સંઘશિરછત્ર પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની મીતભાષી, પરમવિદુષી પ.પૂ. ચારૂલતાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ. ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. અનંતયશાશ્રીજી મ.સા. તથા પ.પૂ. અપૂર્વયશાશ્રીજી મ.સા. આદિઠાણા-૩ નું સંવત ૨૦૭૧ ની સાલનું વર્ષાવાસ શ્રી અનંતનાથજી જિનાલય, ખારેક બજારમાં પ્રાંગણમાં પ્રાપ્ત થયેલ છે. શ્રી ક.દ.ઓ. મસ્જિદબંદર જૈન સંઘ તથા મુંબઈ મહાજન પૂ. આચાર્યદેવનો ખૂબ ખૂબ ઋણી છે. સૌ આરાધકોને ચાતુર્માસ દરમ્યાન આરાધનામાં જોડાવવા ભાવભર્યું આમંત્રણ.

**ચાતુર્માસ પ્રવેશ :**

અષાઢ સુદ-૭ બુધવાર, તા. ૨૨-૭-૨૦૧૫
સવારના ૭.૦૦ કલાકે શ્રી કચ્છી વિસા ઓશવાલ મહાજન વાડી ચીંચબંદર થી...

લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**
**શ્રી કચ્છી દશા ઓશવાલ મસ્જિદબંદર જૈન સંઘ**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

આયોજીત

# પ્લેટિનમ જયંતિ સમૂહ લગ્ન મહોત્સવ

**માગસર સુદ ૧૦ રવિવાર, તા. ૨૦-૧૨-૨૦૧૫**

## લગ્નમાં જોડાવવા ઈચ્છુકે

તા. ૨૦-૧૦-૨૦૧૫ સુધી મુંબઈ મહાજનશ્રી કાર્યાલયથી ફોર્મ પ્રાપ્ત કરી વિધિવત ભરીને જમા કરાવવા.

**કાર્યાલય સમય :**

સોમવાર થી શનિવાર
બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૩૦ સુધી

લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી જિનાલય**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક,
મસ્જિદબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડોનું ટ્રસ્ટ**

# વિવિધ સામગ્રી છપાઈ કામ માટે ટેન્ડર આવકારે છે.

## વધુ માહિતી માટે

મુંબઈ મહાજનશ્રીની ઓફિસમાંથી રૂા. ૫૦૦/- ભરી ટેન્ડર ફોર્મ મળશે.

તા. ૨૦-૬-૨૦૧૫ સુધી સંપૂર્ણ વિગત સાથે બંધ કવરમાં મહાજનશ્રીના કાર્યાલયમાં જમા કરાવશો.

* શરતોને આધિન

લિ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી જિનાલય**

૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક,
મસ્જિદબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center
Since 1994

# રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન નું સફળ ૨૦ મું વર્ષ

ગમે તેટલું વજન ઓછું કરી ને જો મનગમતો શેપ ઓછા ખર્ચે અને ટૂંક સમયમાં જોઈતો હોય તો એક માત્ર વિકલ્પ છે. **રાજ શ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન**

## નામ નહીં કામ બોલે છે



પહેલાં

**પહેલાં વજન**
**80 kg**

←

**પછી વજન**
**54 kg**

→



પછી

**ટોટલ વજન ઉતાર્યું - 26 kg ★ ટોટલ ઇંચ ઉતાર્યા -146**

"મારું વજન લગ્ન પહેલાં 60 kg હતું, ડિલીવરી પછી વધીને 80 kg થઈ ગયું.પછી ક્યારેય ઉતર્યું નહીં. ઘરનુ કામ કરવાનું મુશ્કેલ થઈ ગયું હતું, હાંફ ચડતી હતી.નવા કપડા ખરીદવા જતા તો XXXL પણ ટાઈટ થતાં, ત્યારે મને ખુબ શરમ આવતી. બીજી પતલી સ્ત્રીઓને જોઈ મને પણ પતલા થવાની ઈચ્છા થતી હતી,પણ મારી પાસે કોઈ ઉપાય નહોતો.મને રાજશ્રી યોગાની માહિતી મળી અને અહીં આવીને કન્સલ્ટ કર્યા પછી લાગ્યું કે હું અહીં વજન ઓછું કરી શકીશ.રાજશ્રી વોરાનાં સચોટઅને નિષ્ણાત યોગ પશિક્ષણના આધારે મારા જીવનમાં એ દિવસ આવી ગયો જયારે હું ૫૪ ણૂકૂ ની થઈ ગઈ.હવે બધા કપડા પહેરી શકુ છું. હું એમના પતિ દિલથી આભાર પકટ કરું છું.મારા જેવી ઘણી બહેનો છે જેમને હું રાજશ્રી યોગા જોઈન્ટ કરવાની સલાહ આપુ છે.જેથી તમે પણ તમારા જીવનમાં ખુશી લાવી શકશો."

Ph:- 24104142, 93233 33303, 93218 99909

**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે , દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪
વેબસાઇટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com




## Cheers to Womanhood !

I May be the 'Saree' kind or the 'skirt' kind,
But I wear my heart on my sleeve
I may be the 'homemaker' type or
the 'breadwinner' type
But I 'labour' through my day and night
I may be the 'Yes to all' sort or the ' no to all' sort,
But I end up doing everything that needs to get done !....
I may be the 'Celvin Klein' shopper or
the 'mom nd pop tometo' shopper,
But there are people I value higher
than my purchases....
I may be the 'mastershief' breed or
the 'dial - a - pizza' breed
But I believe that good thoughts provide true nourishment.....
I may be the 'fair skin' make or the 'wheatish complexion' make,
But my ethics are much beyond then skin deep...




Don't judge me.. don't jacket me..
I could be a little girl each time I cry my self to pulp
I could be a daughter each time I move away from my parent...
I could be a sister each time I provide to much needed advice..
I could be a wife each time I serve the last bite of the chockolate...
I could be a mother each time I clean up the mess that someone else creates.
But you will need the women in me...
In every smile and every mile
In every tear and every cheer....!!!
Cheers to womanhood !

**Chemistry**

**Name :** Wife

**Symbol :** Bv

**Atomic Weight :** Light when first found... tends to get hevier over the years with time.

**Physical Properties :**
- Boils at any time
- Can freege at any time
- Malts if treated with love & care
- very bitter if mishandled

**Chemical Properties :**
- Very Reactive
- Highly unstable
- Possess strong for Gold, Silver, Diamond, Platiniam, Credit Cards, Cheque books
- Many Reducing Agent

**Occurance :**
Mostly found in front of the mirror

**Precautions :**
- Handle with Care

શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

**SALE ! SALE ! SALE !**
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*
ઝવેરી બજાર શાખા બંધ કરવાની હોવાથી
તા. ૮ જૂન થી ૨૦ જૂન ૨૦૧૫ સુધી SALE !
જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ, દરેક પ્રકારના પ્લેન પોત પર ૨૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ
એકસક્યુસીવ આઈટમો ઓછા ભાવે ખરીદવાની સોનેરી તક !
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે, મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786
નોંધ : સેલ દરમિયાન ઝવેરી બજાર શાખા ખુલી રહેશે.

## જૈનો અને ઉત્સવો

જૈનો દ્વારા ઉજવાતા ઉત્સવોમાં જોઈએ તો દેરાસરોનો હાલ-હાલમાં યોજાઈ રહેલ ધ્વજારોહણનો, દેશભરમાં ખૂણે ખૂણે બંધાતા જિનાલયોનો પ્રાણ પ્રતિષ્ઠાનો, પંચાન્હિકા મહોત્સવો, વિવિધ પૂજનો વિ.વિ...

આ ઉત્સવોમાં થોડ-ધણે અંશે ઉમંગ ઉત્સાહ જરૂર જોવા મળે છે. પરંતુ એ ઉત્સવોની ઉજવણીનું શ્રેય કોને ? ચડાવા અને બોલીઓના લાભ લેનારને, ઘડાવનાર અલગ અને ભરાવનાર પણ અલગ. જન સામાન્યનું શું ?

બે-ચાર આઠ દિવસ ભાવતા ભોજનનો પ્રસાદ લેવાનો અને શક્ય હોય તો બહાર મુકેલ મોટા પડદા પર ચડાવા લેનારના પરિવાર દ્વારા થતી વિવિધ વિધિઓ જોવાની. આપણો ધર્મ એ ચર્તુવિધ સંઘનો બનેલો છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા.

સાધુ માટે અને શ્રાવક માટે અલગ અલગ અણુવ્રતોનું પાલન શાસ્ત્રોમાં લખાયું છે. આપણા સાધુ અને સાધ્વીઓ જે કઠોરતાથી સાધુપણાના વ્રતોનું પાલન કરે છે એ ફક્ત વંદનીય જ નહીં પરંતુ બેજોડ છે. દુનિયાના કોઈ પણ ધર્મમાં કોઈપણ સાધુ માટે આવા કઠોર નિયમોના પાલનની વાત કદાચ નથી.

શ્રાવક અને શ્રાવિકા માટે પણ બાર અણુવ્રતનું આલેખન કરવામાં આવ્યું છે. પરંતુ આ શ્રાવકના વ્રતો પણ કદાચ બીજા ધર્મના સાધુઓના આચરણના વ્રતોથી વધારે કડક છે.

મહાવીર ભગવંતની વાણી અને સંવાદનો આશરો લઈ પેઢી દર પેઢી પછી યાદ રખાયેલ અને વર્ષો બાદ ગ્રંથસ્થ થયેલ આપણા શાસ્ત્રોમાં કંઈક ભૂલ તો નથી થઈને ?

શું સાધુઓ માટેના સાધુઓ પાળી શકે એવા નિયમો કદાચ શ્રાવકોને લાગુ તો નથી કરાયાને ?

ધર્મમય જીવન જીવવા માટે કેટલા અને કેવા વ્રતોનું પાલન ? કેટલો સંયમ ? કેટલા બંધનો ?

ધર્મ એ દરેક મનુષ્યની અંગત બાબત છે. ધર્મનું આચરણ કેટલું અને કેવી રીતે કરવું એ એની અંગત સમજ અને માન્યતાની બાબત છે.

શું આપણને મળેલ, અલભ્ય રીતે મળેલ મનુષ્યદેહ અને માનવ અવતાર એ મન માણીને જીવવા માટે નથી ?

શું આપણા આ માનવ અવતારને ઉત્સવસભર અને આનંદમય બનાવવાની જરૂર નથી ?

સમાજ અને સાધુઓ વિચારે... અસ્તુ

– પગદંડીનો મે ૨૦૧૫નો તંત્રી લેખ

### ધાર્મિક પ્રશ્નાવલિ

| | | |
|---|---|---|
| ૧. | સસરાએ કયા જમાઈને માથે મોક્ષની પાઘડી પહેરાવી ? | ૮ |
| ૨. | સમવસરણ નિહાળીને સિદ્ધ કોણ બન્યું ? | ૬ |
| ૩. | સસલાની દયા પાળી મહામુનિ બનનાર કોણ? | ૫ |
| ૪. | સાત સો વર્ષ સુધી ૧૬ મહારોગ કોના શરીરમાં રહ્યા ? | ૬ |
| ૫. | સોનાના ૧૦૮ જવથી રોજ સાથિયો કોણ કરતું ? | ૩ |
| ૬. | સિદ્ધ ભગવંતના ઘરની લંબાઈ – પહોળાઈ કેટલી ? | ૭ |
| ૭. | સંવત્સરીના દિવસે કેવળજ્ઞાન કોણે પ્રાપ્ત કર્યું ? | ૬ |
| ૮. | સુલસાને ૩૨ ગુટિકા કયા દેવે આપી હતી ? | ૮ |
| ૯. | સત્તરભેદી પૂજાની રચના કઈ મુદ્રામાં કરી ? | ૪ |
| ૧૦. | સોળ પ્રહરની દેશના કઈ જગ્યાએ ફરમાવી ? | ૪ |
| ૧૧. | સંસારદાવા સૂત્રના રચયિતા કોણ ? | ૬ |
| ૧૨. | સમવસરણના પગથિયાની સંખ્યા કેટલી ? | ૫ |
| ૧૩. | સેચનક નામના ગજરાજની પાસે માંગણી કરી ? | ૩ |
| ૧૪. | સોનામાંથી પૌષધશાળા બનાવવા કોણ તૈયાર હતું ? | ૩ |
| ૧૫. | સંવત્સરી પ્રતિક્રમણમાં કેટલા નવકારનો મોટો કાઉસ્સગ્ગ હોય ? | ૬ |
| ૧૬. | સંધ્યાના વાદળનો રંગ જોઈ કોણ વૈરાગી બન્યું ? | ૪ |
| ૧૭. | સાસુ-વહુનું દેરાસર ક્યાં આવેલું છે ? | ૨ |
| ૧૮. | સ્મશાનમાં રહીને કોણે સાધના કરી ? | ૮ |
| ૧૯. | સંપત્તિ રાજાએ કેટલા મંદિર બંધાવ્યા ? | ૪ |

### પ્રશ્નાવલિના : ઉત્તર

(૧) ગજસુકુમાલ મુનિ (૨) મરૂદેવા માતા (૩) મેઘકુમાર (૪) સનતકુમાર (૫) શ્રેણિક (૬) ૪૫ લાખ યોજન (૭) કુરગડુ મુનિ (૮) હરિનૈગમેષી દેવ (૯) કાયોત્સર્ગ (૧૦) પાવાપુરી (૧૧) હરિભદ્રસૂરિ (૧૨) એંશી હજાર (૧૩) કોણિક (૧૪) દેદશા અઠીદ્વિપ (૧૫) એકસો સાઈઠ (૧૬) હનુમાન (૧૭) કાવી (૧૮) પ્રસન્ન ચન્દ્રરાજષી (૧૯) સવા લાખ

– 'કલ્યાણ'માંથી સાભાર


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

મુરબ્બી શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી દેવજી મોતા (લાખણીયા-વડાલા) અને પૂજય માં રાજબાઈની ૭૦મી લગ્નતિથી નિમિત્તે તેમને સહજીવનનો આદર્શ બનવા માટે ભાવભરી વંદના. જ્ઞાતિના વધુના વધુ દંપતિઓ સહજીવનના ૫૦-૬૦-૭૦-૭૫ વર્ષ ઉજવતા થાય એવી શાસનદેવને પ્રાર્થના...
તન-મન પરિવાર

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

# કચ્છમાં વિશ્વ મહિલા દિનની જરા હટકે સંગીત-કલા સંવર્ધક ઉજવણી

૮મી માર્ચ, વિશ્વ મહિલા દિન તરીકે ઊજવાય છે અને વિશ્વભરમાં આ દિવસની ઉજવણી થાય છે. મહિલાઓના પ્રશ્નોને લઈ સેમિનારો યોજાય છે. મહિલા સશક્તીકરણ સંબંધિત કાર્યશાળાઓ વર્કશોપ ગોઠવાય આવા વિવિધ કાર્યક્રમો થાય છે, પરંતુ કોઈ સંસ્થા ચીલચાલુ પ્રોગ્રોમને બદલે જરા હટકે વિશિષ્ટ કાર્યક્રમ યોજે છે ત્યારે એની નોંધ લેવાનું મન થાય છે.

કચ્છમાં ધરતીકંપ પછી ઔદ્યોગીકરણની આવેલી ભરતીમાં પરંપરાગત કળાકૌશલ્ય તણાઈ જવાની ભીતી-ડરને સમાજશાસ્ત્રીઓ અને સંવેદનશીલ કાર્યકરોએ અગાઉથી પારખી લીધો હતો. દીર્ઘદૃષ્ટિ અને સુઝબુઝ ધરાવનાર વ્યક્તિઓએ પાણી આડે પાળ બાંધવાની પ્રવૃત્તિ વહેલી શરૂ કરી દીધી હતી. આવનાર વાવાઝોડાનાં એંધાણ વરતી, એ ઝંઝાવાતમાં પરંપરાગત કૌશલ્ય (હસ્તકળા, સંગીતકળા, લોકગીતો, વણાટકામ, માટીકામ, છપાઈકામ અને એવાં ઘણાં ક્ષેત્રે કસબીઓની કામગીરી) ઘસડાઈ ન જાય તે માટે એની જાળવણી અને સંવર્ધન માટે ખમીર સંસ્થા ઊભી કરી. અણુવૈજ્ઞાનિક વિક્રમ સારાભાઈના સુપુત્ર કાર્તિકેય સારાભાઈની સંસ્થા નેહરૂ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆઈ), ભારત અને ગુજરાત સરકારના હેન્ડિક્રાફટને ઉત્તેજન આપનાર વિભાગો ઈત્યાદિએ સાથે મળી લાખોંદ કુકમા રોડ પર (ભૂજથી બારેક કિ.મી.) ખમીર નામે સંસ્થા ઊભી કરી જેનો ઉદ્દેશ હતો કચ્છની ભાતીગળ લલિતકળાઓ તથા અન્ય કળાઓને પ્રોત્સાહન આપવું, કલાકારોનું ક્ષમતાવર્ધન કરવું, તેમને કચ્છ બહાર પ્લેટફોર્મ આપવું, લુપ્ત થતી કલા, વાદ્યો, સાધનો ઈત્યાદિને સંરક્ષણ આપી એને પુનઃ સ્થાન આપવું. ખમીરનું પૂરું નામ છે kutch Heritage Art, Music Information Resources.

કચ્છમાં પરંપરાગત લોકસંગીત, સરહદની આ પાર અને પેલી પારનું સંગીત જેમાં સમાનતા અને સરળ સૂફીવાદ પ્રવર્તમાન છે. એને સામાન્ય જનલોક સુધી જઈ જવાના પ્રયત્નોને લાલ રાંભિયાનો સંગાથ પ્રાપ્ત થયો. કચ્છના ખૂણે ખૂણે, ગામડે ગામડે, જેઓએ અત્યાર સુધી પરંપરાગત રીતે લોકસંગીત અને વાદ્યસંગીતને જાળવી રાખ્યું છે તેમની શોધ આદરવામાં આવી અને લાલને સબળ ટેકો બન્ની વિસ્તારના ભીરંડીઆરા ગામના યુવાન ભારમલ સંજોટનો. આઠ ધોરણ પાસ ભારમલને બાળપણથી સંગીતનો શોખ છે અને સારા ગાયક છે. બન્ની પ્રદેશનું સીંધી છાંટનું સંગીત અને કચ્છનું લોકસંગીત બન્નેના તેઓ અભ્યાસી છે. અઢાર વર્ષની ઉંમરે કચ્છ મહિલા વિકાસ સંગઠનમાં કાર્યકર્તા તરીકે જોડાયા. ખમીરની સ્થાપનામાં કચ્છ મહિલા વિકાસ સંગઠનનો પણ અભિયાન સંસ્થાના એક સભ્ય તરીકે ફાળો છે ખમીરની ક્રાફ્ટ અને સંગીત માટેની પ્રવૃત્તિઓમાં ક.મ.વિ.સં.નો નોંધનીય ફાળો છે.

ક.મ.વી.સં.ના નેજા હેઠળ સૂરવાણી સંસ્થાની સ્થાપના થઈ અને એની જવાબદારી ભારમલના શિરે આવી અને પથદર્શક હતા લાલભાઈ. કમ.વી. સંગઠન સાથે આઠ વર્ષ કામગીરી કર્યા પછી ભારમલભાઈનો સંસ્થાના વહીવટી કામમાં દમ ઘુંટાતો હતો અને ૨૦૧૨માં તેમણે કલાવારસો નામે સ્વતંત્ર સંસ્થા શરૂ કરી. છેલ્લા ત્રણ વર્ષમાં કલાવારસો સંસ્થાએ અકલ્પનીય પ્રગતિ કરી છે. કલાવારસો સ્વતંત્ર સંસ્થા સાથે આજે કચ્છના ૨૫૦ કલાકારો જોડાયા છે, જે પૈકી મોટા ભાગના કલાકારો એટલે અંદાજે એંસી ટકા કલાકારો ગામડાના છે. લખપતથી રાપર ખડીર અને માંડવી-મુંદ્રાથી બન્ની કચ્છના ચારે ખૂણામાં રહેતા કલાકારો પૈકી ત્રીસેક મહિલા કલાકારો છે.

ડી કલ્ચર નામે જયપૂરમાં સાંસ્કૃતિક કલાઓનું જતન કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થાના નેજા હેઠળ કલાવારસાઓના કલાકારો બ્રાઝિલના ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ડિસેંબર ૨૦૧૩માં ભાગ લેવા ગયા હતા. ગોવામાં માઉથ હાર્પ-મૌખિક વાદ્યો સબબ આંતરરાષ્ટ્રીય સંગીત સ્પર્ધામાં કલાવારસોના કલાકારોએ પોતાની કલા રજૂ કરી હતી. મોરચંગ, જોડિયા પાવા, મોરલી જેવાં વાદ્યો સાથે કચ્છના ગામડાના કલાકારો ગોવાના વિશ્વમંચ પર રજૂ થયા હતા. કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ માર્ચ ૨૦૧૪માં - કચ્છના કલાવારઓના સંગીત કલાકારોને દિલ્હી નોતર્યા હતા. મુંબઈના છત્રપતિ શિવાજી આંતરરાષ્ટ્રીય વિમાનીમથકના નવા ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે યોજવામાં આવેલ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને ભારતની કળાથી વાકેફ કરવા સંગીત કાર્યક્રમનું આયોજન થયું હતું જેમાં કલાવારસાઓના કલાકારોએ લોકસંગીત રજૂ કર્યું હતું. પરંપરાગત ગ્રામ્ય પરિવેશ-વેશભૂષા સાથે આપણા કચ્છનાં ગામડાંના કલાકારો દેશવિદેશ પરિભ્રમણ કરી કચ્છનું નામ રોશન કરે છે. માટુંગા બોર્ડિંગના શતાબ્દી મહોત્સવમાં આ કલાકારોએ ત્રણ દિવસ સુધી કચ્છી કંઠ્ય અને વાદ્ય સંગીત રજૂ કર્યું હતું અને એ જેમણે માણ્યું છે તેઓ આ કલાકારોને નહીં ભૂલે.

ભારમલ સંજોટનું એક સ્વપ્ન હતું કે કચ્છની મહિલા કલાકારો ઘરનો ઉંબરો વટાવી બહાર આવે અને પ્રજા સમક્ષ પોતાની કલા રજૂ કરે. મહિલા કલાકારો ભજન-કીર્તન, લગ્ન ગીતો, હાલરડાં તથા લોકગીતો પ્રસંગોપાત્ત ઘરમાં કે ધાર્મિક સ્થળે રજૂ કરતી હોય છે. ગામના ચોકમાં નવરાત્રીના દિવસોમાં રાસગરબાઓ ગવડાવે છે, પરંતુ ભાગ્યે જ ગામડાની બહેનો ગામડું છોડી શહેરના મંચ પર આવી હશે.

ભારમલે પોતાનું આ સ્વપ્ન સાકાર કરવા માટે ભૂજના કલાપ્રેમીઓનો સહકાર પ્રાપ્ત કર્યો અને લાલ રાંભિયાનું માર્ગદર્શન હતું જ. ૮મી માર્ચ વિશ્વ મહિલા દિને કચ્છની ગ્રામ્યવિસ્તારની મહિલા કલાકારોને ભૂજના હમીરસર તળાવની પાળે, પેન્શનર ઓટલા સામે, મંચ ઊભો કરી, પોતાની કલાનાં કામણ પાથરવાની તક ભારમલે ઝડપી લીધી. આ કાર્ય સરળ ન હતું. છ મહિના અગાઉ એની ચર્ચા કલાવારસોના સભ્યો સમક્ષ કરી ત્યારે સૌ ઉત્તેજિત થઈ ગયા અને પોતાનાથી શક્ય હોય એનાથી વધારે સહકાર આપવાની હામી ભરી. સૌથી વિશેષ જરૂરત હતી મહિલા કલાકારોમાંથી મંચનો ડર (Stage Fear) દૂર કરવાનો એટલે નાના ગ્રુપમાં મહિલા કલાકારોનું રિહર્સલ શરૂ થયું. સંગત આપવા માટે પુરુષ કલાકારો વાજિંત્રો સાથે રિહર્સલમાં


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)

M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.

Asia's First ISO 9001:2000 Certified Gin Press

જોડાતા હતા. લખપતથી ખડીર અને મુંદ્રા અંજારથી બન્ની વારાફરતી રિહર્સલો થતાં અને ભારમલભાઈ દરેક સ્થળે પહોંચી જતા અને છેલ્લા ત્રણ દિવસ બધા કલાકારો ભૂજ રોકાઈ ગયા હતા. એમની બધી સગવડો જવેરીલાલ સોનેજીએ સંભાળી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજનમાં તેઓ હરદમ અગ્રેસર હોય છે. આ આયોજનમાં તેઓએ ભારમલને સહકાર આપ્યો.

૮મી માર્ચ... વિશ્વ મહિલા દિવસ... ભૂજના કલારસિકો અડધો કલાક અગાઉથી હમીરસર તળાવે, પેન્શનર ઓટલા પર ગોઠવાઈ ગયા. વિદેશી પ્રવાસીઓ પણ સંગીત માણવા ઉત્સુક હતા. પ્રેક્ષકોએ ઓટલાની અથવા નીચે પટ પર બેઠક જમાવી. બેક ડ્રોપમાં હતું હમીરસર તળાવ અને સ્ટેજની સામે ભૂજ નગરનો કિલ્લો.

કચ્છમાં સામાન્યતઃ કોઈ પણ કાર્યક્રમ શરૂ થાય તે અગાઉ ગણપતિ બેસાડવાની પ્રથા છે. જુદી જુદી ન્યાતો વિવિધ પ્રકારે ગણેશ સ્થાપના કરે છે તેમાં ગણપતિને પધારવા માટે આહ્‌વાન આપતાં ભજનો, સ્થાપના કરતાં ગવાતાં ભજનો વિવિધ સૂરાવલિઓમાં, વિવિધ રાગરગિણીઓમાં ગવાય છે.

ગામ વણોઈવાંઢ તાલુકો રાપરનાં ભચીબેન કરસન કોલી હાથમાં સંતાર વાદ્ય લઈ જીવનમાં પ્રથમ વખત મોટા ઓડિયન્સની સામે ગણપતિ વંદના કરવા પધાર્યાં છે. તેઓ ગણપતિ સ્વામીને પોતાની પૂજા, જેમાં ઘણા દોષ છે, છતાં પણ સ્વીકારી લેવાની અરજ કરે છે. સેવા મારી માની લ્યો ગણપતિ ગુરુઆ / પૂજા મારી માની લ્યો ગણપતિ ગુરુઆ / ભોજન ચડાઉં પણ નહીં ભોજન ચોખ્ખા / ઈ ભોજન માખીએ વટારયા / દૂધ રે ચડાઉં પણ નહીં દૂધ રે ચોખ્ખા / ઈ દૂધને વાછરડે વટારયા / સેવા મારી સ્વીકારો ગણપતિ ગુરુઆ

આંખું મીંચીને ગણપતિને વિનંતી કરતાં, આજીજી કરતાં ભચીબેનના સ્વરોમાં ભારોભાર આર્દ્રતા ભરી હતી. હાથમાં માત્ર સંતાર હતું જ્યારે અન્ય વાદ્યો પર ભાઈઓ સંગત કરે છે.

ભચીબેન ત્યાર પછી દાસ જીવણનું ભજન ઉપાડે છે જેના શબ્દો છે : બાલાપણની પ્રીતું મારી પૂરવ જનમની પ્રીતું / ઓધવ મંદિરે વેલા આવજો / જોઈ જોઈને વારી જાઉં, બીબાં વિણ નહીં પડે ભાતું / ઓધવ મંદિરે વેલા આવજો.

ત્યાર પછી સ્ટેજ પર પધારે છે એંસી વરસના જૈફ, ગામ વિંઝાણનાં હીરબાઈ મુલજી પારાધી અને તેઓ બે લોકગીતો રજૂ કરે છે. પ્રથમ ગીત : ભાવર ભલે આયા, ભેનડું ભલે આયા / મુંજે કચ્છડે જા રોંઘલ ભલે આયા

હીરબાઈએ માઈક પ્રથમ વખત હાથમાં લીધું છે. જરા પણ થડકાર અનુભવ્યા વગર, પૂર્ણ આત્મવિશ્વાસ સાથે લોકગીત રજૂ કરે છે : પખી દિલ કરે વ્યા, રસ્તા રેલ હલ્યા વ્યા મુંજા સામીડે અભાણા પખી દિલ કરે વ્યા. મુંજા જોગીડે અભાણા પખી દિલ કરે વ્યા.

આ લોકગીત જુદાઈનું લોકગીત છે, જુદાઈ માટે કચ્છી શબ્દ છે વીછોડા. વીછોડાની વ્યથા હીરબાઈના સૂર-શબ્દમાં વ્યક્ત થાય છે.

શાંતા બારોટ અને સવિતા બારોટ સગી બહેનો અંજારનાં વતની છે અને વર્ષોથી પોતાની ગાયન કળા વારંવાર રજૂ કરતી હોય છે. તેઓ અનુભવી કલાકારો છે અને મૂળ સિંધી શબ્દોમાં લોકગીતો રજૂ કરે છે.

પ્રથમ રણમહોત્સવ વખતે ગામ રતનપર-ખડીરની બાળકલાકાર ગીતા ભૂપત ભીલ પ્રથમ વખત મોટા સ્ટેજ પર આવી હતી અને ઉપસ્થિત હજારોની મેદનીનાં દિલ જીતી લીધાં હતાં અને ત્યારે ગુજરાતના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેજ પર આવી ગીતાની પીઠ થાબડી હતી. હવે ગીતા યુવા કલાકાર બની ગઈ છે. ગીતાબેને રણમહોત્સવ વખતે રજૂ કરેલું ગીત હમીરસરની પાળે રજૂ કરે છે : સવા મણ સોનું ને અધમણ રૂપું / તેની તો ટીલડી ઘડાવી હો રાજ / ટીલડી રે મારી મેણમાં રહેતી. / ટીલડી પેરી અમે સાસરે ગ્યાતા / હો મારી સાસુજીએ મોં મચકોડ્યા રે / કેમ રે સાસુજીએ મોં મચકોડ્યા રે /કેમ રે સાસુજી તમે મોં મચકોડ્યા / નથી મારા સાસરે ઘડાવી / સવામણ સોનું ને અધમણ રૂપું / તેની તો ટીલડી ઘડાવી હો રાજ.

ગીતાબેન બીજા લોકગીતમાં મૂળ વતન સિંધને યાદ કરે છે :હાલી હાલી વાગડની વાટ, સિંધડી મુંને સાંભરે છે. નથી નથી વાહન વેલ સિંધડી મુંને સાંભરે છે.

રતનપરની જુદી જુદી ન્યાતની ત્રણ બહેન પર્યાવરણ સંબંધી ગીત રજૂ કરે છે. નાવીબેન નામેરી પરમાર, બીનાબેન દેવજી હરિજન અને રૂખીબેન ભૂપત ભીલ આ ત્રણ બહેનો પોતાના ગીતમાં એકબીજાને પ્રશ્ન પૂછે છે ''હે મહુ, બાવર કેમ કરી વાઢશો?''

માંડવી તાલુકાના ભાડા (લાયજાની પાસેનું ગામ)નાં વાલબાઈ પરંપરાગત લોકગીત ''માથે મટુકડી મહીની મેલી હું મૈયારણ હાલી રે'' રજૂ કરે છે. વાલભાઈ ગઢવી છે એટલે સ્વરને લહેકાનું પૂછવું શું ?

મેકણદાદાના તીર્થ ધ્રંગનાં જીવીબેન કાપડીને લોકગીત, ભજન ગાયકી વારસામાં મળી છે. તેઓ અવારનવાર સંતવાણીના કાર્યક્રમોમાં ભજન ઈત્યાદિ રજૂ કરતાં હોય છે, પરંપરાગત લગ્નગીત અનોખી ઢબ, સૂર અને ગાયકીમાં જીવીબેન રજૂ કરે છે : ''કોયલ બેઠી આંબલિયાની ડાળ / મારો મોરલો બેઠો ગઢની રાંગ રે માણ રાજ / હોંસીલા વીરા તમે કોયલ ઉડાડો આપણા દેશ''

આમ તો લગ્નગીતો ઘણાં સાંભળ્યા છે, પરંતુ આટલા બુલંદી સૂરમાં આજે પહેલી વખત સાંભલવા મળે છે. આવું જ બીજું ગીત જીવીબેન રજૂ કરે છે : ફૂલ ગજરો મારો હીર ગજરો/ ગૂંથ્યો મારો ફૂલ ગજરો.

આવાં લગ્નગીતો હવે કદાચ કચ્છ સિવાય અન્યત્ર ભાગ્યે જ સાંભળવા મળે છે. જીવીબેન કાપડી આમ સંત મેકણદાદા પરંપરાનાં ભજનીક છે એટલે સ્વાભાવિક છે કે દાદા મેણકનું ભજન તેઓ પૂરી તન્મયતાથી ગાય, મેકણદાદાને અર્પિત ભજનના શબ્દો છે : આયાની આંયો બંધી ભાવલડિયા / પેરિંયા પ્રેમજી ગંધી મુંજા નાથ / જીયો મેકણનાથ જીયો રે બાવા.

અઢી કલાકની રેયાણ પૂરી થઈ. મહિલા કલાકારોએ શ્રોતાઓને મોજ કરાવી દીધી. વિશ્વ મહિલા દિવસની અનોખી ઢબે ઉજવણી કરવા માટે કલા વારસો અને આયોજક ભારમલ સંજોટને અંતરનાં અભિનંદન. આપણાં ઘણાં મહિલા મંડળો છે. કંઈક નવું, જરા હટકે કરવામાં આવે એ ઈચ્છનીય છે.

– લીલાધર ગડા : પગ મેં ભમરી ( પગદંડી) માંથી સાભાર





**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી રાપર, નાની સિંધોડી જૈન સંઘ, ધ્વજા મહોત્સવ

શ્રી રાપર, નાની સિંધોડી જૈન સંઘ દ્વારા રાપર ગઢવારીના શ્રી પાર્શ્વનાથજી જિનાલયના ૧૨૩મા ધ્વજા મહોત્સવ નિમિત્તે અઢાર અભિષેક, સત્તર ભેદી પુજા અને ધ્વજા ચઢાવવા આદિ કાર્યક્રમો યોજાયા.

બધા તા. ૨૫-૫-૨૦૧૫ના રાપર પહોંચ્યા. રાત્રે સંઘના મોભી એવા શ્રી કલ્પેશભાઈ મોતા મુંબઈ મહાજનના પ્રમુખપદે બિરાજ્યા એ ખુશીમાં ગામવાસીઓ તેમજ સકળ સંઘ દ્વારા બહુમાન કરવામાં આવ્યું. પછી સુશોભિત, ઝગમગતી બગીમાં રાજા-રાણીનાં પહેરવેસમાં સજ્જ કરી માથે સોનેરી મુગટ પહેરાવી શ્રી કલ્પેશભાઈ તેમજ શ્રીમતી હીનાબેનને બેસાડી વાજતે ગાજતે ફટાકડા અને ફુલોનાં વરસાદ સાથે રથ યાત્રા કાઢવામાં આવ્યા બાદ શ્રી પ્રમુખની આરતી ઉતારવામાં આવી. મોડે સુધી દાંડીયા તેમજ ગરબા રાસની રમઝટ જમાવવામાં આવી.

બીજા દિવસે તા. ૨૬-૫-૨૦૧૫ના વિધીકાર પ્રફુલભાઈ સંગે શ્રી પ્રભુજીનાં અઢાર અભિષેક કરવામાં આવ્યાં. જેના લાભાર્થી શ્રીમતી પ્રવીણા હીરાચંદ નાગડા હતાં.

ત્રીજા દિવસે તા. ૨૭-૫-૨૦૧૫ના વિધીકાર પ્રફુલભાઈ તેમજ સંગીતકાર ઈરફાન મીર સાથે વાજતે ગાજતે ધ્વજા આરોહણ અને સતરભેદી પૂજા ભણાવામાં આપી. જેના લાભાર્થી શ્રી દાદા ભલારા હ. શ્રીમતી સરલાબેન ભવાનજી લોડાયા હતાં.

સમગ્ર કાર્યક્રમમાં શ્રી હિતેશભાઈ મોતા સપરિવાર અને મોહનભાઈ તેમજ હૈદ્રાબાદ, ઊમરગામ, વડોદરા, વાપી તથા ગામેગામથી પધારેલ મહેમાનોએ આનંદ પૂર્વક હાજરી આપી.

### શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ ભારતનગર, ગાંધીધામ

મંડળ તરફથી શ્રી મહાકાળી માતાજીની આવનાર તા. ૨૪-૫-૨૦૧૫ના ઉપાશ્રયમાં રાખવામાં આવેલ, જેના લાભાર્થી માતુશ્રી મણીબાઈ ખેતશી લધાભાઈ મોમાયા (સાંયરા) હતા. ભાવનામાં નુતનબેન, માનસી લોડાયા, પ્રેમીલાબેન તથા યશ લોડાયા, જયંતભાઈ, શામજીભાઈ તથા ઉત્તમભાઈ મોમાયા એ રમઝટ જમાવેલ. સારી સંખ્યામાં ભાવિકો હાજર રહેલ.




### અમરાવતી જિનાલયનો સુવર્ણ મહોત્સવ

અમરાવતી દાદાવાડી - વાસુપૂજ્ય દેરાસરને ૫૦ વર્ષ પુરા થતા તા. ૧/૫/૨૦૧૫ થી તા. ૫/૫/૫૨૦૧૫ સુધી સુવર્ણ મહોત્સવ ઉજવાઈ ગયો. તે પ્રસંગે ખરતરગચ્છના પૂ. સાધ્વી મણીભદ્રાશ્રી આદિ ઠાણા ૧૩ પધાર્યાં હતા

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (સુરત) સ્નેહમિલન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહજાન સુરત દ્વારા રવિવાર, તા. ૨૧/૦૬/૨૦૧૫ ના સવારના ૮:૩૦ કલાકથી બપોરના ૧૪ કલાક સુધી સુરત રેલ્વે સ્ટેશન સામે હોટલ એમ્બેસીના પ્રિન્સ એ.સી. હોલમાં યોજાનાર સ્નેહ મિલનમાં સુરત શહેર, રાંદેર, અડાજણ, ઉધના, સચીન, નવસારી, બીલીમોરા તથા વ્યારા વસતા સર્વે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનોને આમંત્રણ છે.

સરસ્વતી સન્માન તથા મહાજનશ્રીના સહયોગી દાતાઓનું પણ સન્માન કરીશે. વિવિધ રમતો તથા રાસ-ગરબા રમાશે. સંપર્ક : પ્રમુખ - શ્રી પ્રવિણચંદ્ર શાહ - 9978903247, ઉપપ્રમુખ - શ્રી રાજેન્દ્રભાઈ ગોસર - 9979735010, મંત્રી - શ્રી સુનીલભાઈ ખોના - 9898887733, ખજાનચી - શ્રી હેમંતભાઈ શાહ - 9925282610

### ભુજમાં મહાકાળી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહજાન ભુજના નેજા હેઠળ શાંતાબેન નવિનચંદ્ર મુલજી સોની (શાહ) પરિવાર દ્વારા મહાકાળી માતાજીની ભાવના એકમ ભવન-ભુજમાં યોજાઈ હતી.

### પધારો વરાડીયા પધારો

૧૧૨ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થમાં દાદાશ્રી ચિંતામણી પાર્શ્વનાથજી ના દર્શને પધારો. અત્રે ભોજન શાળા તથા અતિથિગૃહની સુવિધા ઉપલબ્ધ છે.

ભોજનશાળા : ૯૯૨૫૯ ૮૪૪૨૫ / ૯૫૭૪૩ ૪૩૩૧૫
અતિથિગૃહ : ૦૨૮૩૧-૨૮૨૦૩૮, ૯૪૨૮૫ ૬૭૧૦૧
સંપર્ક સેતુ :
પ્રતાપ પીર : ૯૮૨૦૭ ૪૩૯૯૩
નલીન ડાઘા : ૯૭૬૯૧ ૧૧૦૪૦

જિનાલયની ધ્વજા પ્રસંગે પધારવા વિનંતી.
શ્રાવણ સુદ પાંચમ તા. ૧૯-૮-૨૦૧૫

# પ્રકાશ સમીક્ષાના મોકલાવેલા અંક ઓફિસને પાછા મળ્યા તેની યાદી

દરેક સમાયિકને અપેક્ષો હોય કે પોતે જેમને અંક મોકલ્યા છે, તેમને અંક પહોંચે પણ કેટલાક કારણોસર તેમ થતું નથી. તે માટે બન્ને પક્ષે મેગેઝીને અને જ્ઞાતિજનો એ બંન્નેએ સતર્ક રહી ઉકેલ શોધવો રહ્યો.

આવા એક ઉકેલ રૂપે છેલ્લા સમયમાં જેમના અંકે ઓફિસ પર પાછા આવ્યા હોય તેમની યાદી રજૂ કરીએ છીએ. જેથી તેઓ તેમની પરિચિતોના સાથ સહકારથી તેમને અંક મોકલાય છે એ જાણી પોસ્ટમાં તપાસ કરી શકે. **– વ્યવસ્થાપક**

**મસ્જિદબંદર**
ખેતબાઈ વી. મોમાયા
**જકરીયા બંદર રોડ**
હીતેશ એલ. મોતા.
**માટુંગા**
કૌશિક સી. ખોના
કાંતાબેન બી. શિયાળ
નરેન્દ્ર બી. દંડ
જેઠાલાલ સી. ધરમશી
**વડાલા**
મણીકાંત આર. લોડાયા
મુકુંદ યુ. મોમાયા
લક્ષ્મીબાઈ આર. લાપસીયા
નીલમ યુ. નાગડા
ગુણવંતી એ. મુનવર
**ભાંડુપ**
શામજી એમ. લોડાયા
પુષ્પાબેન જી. મોતા
**ઘાટકોપર**
જીગ્નેશ આર. દંડ
લક્ષ્મીચંદ એસ. ધરમશી
**મુલુંડ**
જયંતીલાલ એમ. ડાઘા
પંકજ કે. ધરમશી
પુષ્પા એલ. મોતા
દર્પણ એમ. છેડા
ચંદ્રકાંત બી . લાપસીયા
હીતેન એમ. મૈશેરી
ભાનુમતી બી. લાપસીયા
અનીલ જી. નાગડા
મહેશ એમ. દંડ
ચેતન આર. નાગડા
નીલેશ કે. મૈશેરી
મહેન્દ્ર એમ. ધરમશી
શૈલેશ જે. ખોના
પ્રતાપ જે. ખોના
ભરત એન. મૈશેરી
**વીલેપાર્લા**
મુલચંદ એલ. ખોના
**ડોંબીવલી**
ચંદ્રીકા બી. ખોના
સુશીલા સી. ખોના
દિનેશ એલ. લોડાયા
નવલબેન એસ. લોડાયા
કીરીટ કે. લોડાયા
કીશોર બી. લોડાયા
કીશોર ડી. લોડાયા
પરેશ કે. દંડ
પંકજ એસ. દંડ
પ્રતાપ કે. ધરમશી
જીવરાજ એસ. ધરમશી
ભાઈચંદ કે. નાગડા
પ્રતાપ સી. નાગડા
સંજય એસ. મૈશેરી
દીનેશ એલ. લાપસીયા
**થાણા**
હરીશ એચ. ધરમશી
**નવી મુંબઈ**
હીરાચંદ એ. પટેલ
ભરત આર. મૈશેરી
નરેન્દ્ર વી. મોમાયા
**વસઈ**
સુરેશ યુ ધુલ્લા
વીરેન્દ્ર કે. પોલડીયા
જવેરચંદ કે. પોલડીયા
નીર્મલા પી. ગાલા
**નાલાસોપારા**
દીલીપ એસ. લોડાયા
**મહારાષ્ટ્ર**
વીજય આર. લોડાયા (પીર) – પુના
ગુંજન ટી શીયાલ – પુના
હરીશ જે. ધુલ્લા – ઔરંગાબાદ
કુલીનકાંત જે. મોમાયા – ઔરંગાબાદ
અમૃતલાલ વી. પોલડીયા – જલગાંવ
જીતેન્દ્ર એમ. મૈશેરી – જલગાંવ
કીર્તી બી. મોતા – અમરાવતી
ભદ્રેશ એસ. સોની – નાંદેડ
કીશોર એલ. લોડાયા – નાંદેડ
ચંપાબાઈ એચ. લાપસીયા – નાંદેડ
સતીષ એસ. લાલકા – નાંદેડ
હીરાચંદ એન. લોડાયા – નાંદેડ
લખમશી એન. પોલડીયા – નાંદેડ
સોમચંદ માડણ – નાંદેડ
**ગુજરાત**
જસમુખ પી. દંડ – વડોદરા
ચીમનલાલ એચ. નાગડા – સુરત
લક્ષ્મીકાંત એમ. ખોના – વલ્લભાવિદ્યાનગર
ગૌતમ પી. દૌલત – અમદાવાદ
પંકજ એમ. ખોના – અમદાવાદ
શામજી બી. મોમાયા – અમદાવાદ
**અન્ય**
જવેરચંદ ડી. ખોના – હૈદ્રાબાદ
હેમંત એમ. વીકમશી – નિઝામાબાદ
ભરત એમ. લોડાયા – ઈચલકરંજી
કેતુલ એમ. લોડાયા – ગુરગાંવ
ઉષા એચ. લાલકા – નીમચ
દિનેશ ડી. પોલડીયા – ભોપાલ
વિજયા એમ. નાગડા – ગદગ
ચત્રભુજ બી. દંડ – હુબલી
રાજેશ સી. પટેલ – હુબલી
મીનાર એસ. મોમાયા – કોઈમ્બતુર
જીતેન્દ્ર એન. લોડાયા – ભોપાલ
મહેન્દ્ર ડી. દંડ – ઈન્દોર
ધનપતી જી. ખોના – ગંજબાસોદા
ભવાનજી આર. પોલડીયા – પલાસનેર
મુકેશ એમ. ખોના – બેંગલોર
મધુરીબેન એન. નાગડા – બેંગલોર
ઉમેશ એમ. ઝવેરી – બેંગલોર
દીનેશ એલ. લોડાયા – ખંડવા
લલીત આર. મોતા – કોચીન
મણીલાલ એમ. પોલડીયા – કોચીન
પ્રફુલ જે. મોમાયા – કોચીન
પ્રવીણ એસ. લોડાયા – કોચીન
રમેશ એમ. ધરમશી – કોચીન
સતીષ કે. દંડ – કોચીન
ભવાનજી એ. શાહ – કોચીન
હરીશ કે. દંડ – કોચીન
નરેન્દ્ર પી. દંડ – કોચીન
જનક કે. ખોના – બેલારી

## પાસ થયા અભિનંદન



**સલોની પંકજ ગોશર**
**89.76%**
H.S.C. EXAM



**મિલોની મમતા મોનેશ ધરમશી**
**78.30%**
H.S.C. EXAM



**હેમલ રાજેશ લોડાયા (નલીયા)**
**86%** S.S.C. - ICSE Board
(International Language - French 88 Marks)

## પાસ થયાના સમાચાર મોકલો : પરિણામો મોકલો. પિતા સાથે માતાનું નામ પણ મોકલો.

**શાળાંત, યુનિવર્સીટી, સ્નાતક ઈત્યાદિ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને પોતાના ફોટા, પરિણામ, વિશિષ્ટ ઉપલબ્ધિ (વિષય, બોર્ડ, શાળામાં રેંક વિગેરે) માહિતી મોકલવા અનુરોધ છે. ફોટોના કોઈ ચાર્જીસ નથી. કચ્છના મુળ ગામ તથા હાલના વસવાટની વિગતપણ માતા-પિતાના નામ સાથે મોકલશો જેથી લોકો બરાબરથી ઓળખી શકે.**

| નયા / બદલાવેલા સરનામા - (પુરું નામ અને નવું સરનામુ મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું) | |
|---|---|
| પૃથ્વીરાજ એસ. છેડા<br>અમીત પૃથ્વીરાજ છેડા | બી-૪૪, ગણેશ પાર્ક ૨, બચપન તક્ષશીલા વિદ્યાલય પાછળ, સરદાર પાર્ક પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર, ગુજરાત-૩૯૩ ૦૦૨. મો. 95373 2067 / 87587 12673 |
| રાજ રોહિત લહેરચંદ જીવાણી | એ-૧૫, ત્રીજે માળે, વિનાયક દર્શન, સુભાષ રોડ, આગરી સભાગૃહ પાસે, સાનપાડા, ડોંબીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૧. |
| પરાગ માણેકજી ખોના | દિપાલી છાયા, તળમજલા, રૂમ. નં. ૧, અંબે માં મંદિર પાસે, કોપર રોડ, ડોંબીવલી - ૪૨૧ ૨૦૨. મો. 96997 81284 |
| કિશોર મુલજી લોડાયા | ૩૬૭૭, જ્યોતી, પહલે માળે, મેડીકલ બૉઈજ હોસ્ટેલ રોડ, એમ.સી.સી.-બી બ્લૉક, દાવનગીરી - ૫૭૭ ૦૦૪. |
| ભાવેશ વિશનજી ખીંયશી દંડ | રૂમ નં. ૧૮, બીજે માળે, લક્ષ્મણ નિવાસ, શિવ કોલીવાડા સર્કલ, ગુરૂ તેગ બહાદુર રેલ્વે સ્ટેશન, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨. |

## નવા ટેલિફોન / મોબાઈલ નંબર

મહેન્દ્ર ડી. મોમાયા (નાસીક) : 0253 - 231 6277 / 94227 93063

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૫.૧૫ | સેલમ | **આકાશ** અરવિંદ ચંદ્રકાંત મુનવર | જખૌ | ૨૫ |
| | બડગરા | **કુંજ** વસંત શિવજી પોલડીયા | બાયઠ | ૨૪ |
| ૩૧.૫.૧૫ | ડોંબીવલી | **સાહીલ** દિનેશ કેશવજી લોડાયા | મોટી ખાવડી | ૨૬ |
| | શહાપુર | **દક્ષિતા** દિલીપ વેલજી નાગડા | રંગપુર | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦.૫.૧૫ | ડોંબિવલી | **નિલેશ** કલ્યાણજી લખમશી ધરમશી | નાની સિંધોડી | ૩૦ |
| | - | **ચેતના** મણીકાંત પદમશી લોડાયા | કોઠારા | ૨૮ |

## ઝુકી તો જવાય : જ્ઞાતિ ગૌરવ બ્રેવો ગર્લ્સ

દરેક માતા-પિતાની ઈચ્છા હોય દીકરાનાં કાંધે જાય, રિવાજ-પરમ્પરા પણ આજ રીતે ચાલતી આવી છે. આપણા સમાજમાં જ્વલ્લેજ સાંભળવા મળી હોય એવી ઘટના... માતા દીકરા જેવી ચાર દીકરીઓના કાંધે સ્મશાન ગઈ... માતાને અંતિમ વિદાય, મુખાગ્નિ અર્પણ કરીને પુત્રીઓએ સાચુ કર્તવ્ય-ધર્મ નિભાવ્યું.

આ ઉદાહરણરૂપ ઘટના બની રાયપુરમાં... કચ્છ નલીયાના અ.સૌ. કસ્તૂરીબેન તિલકચંદ મોમાયા (ભઠારા)ના અવસાન પ્રસંગે બની તેમનો દેહાંત તા. ૨૯/૫/૨૦૧૫ના સવારે ૩ વાગે ૭૨ વર્ષની ઉંમરે થયો. આ દુઃખદ સમાચાર મલતાંજ ચારે દીકરીઓ કલ્પનાબેન રમેશચંદ લોડાયા, રાપરગઢવારી-અહમદનગર, વીણાબેન જવેરચંદ લોડાયા, બાયંઠ-ભાંડૂપ, મનીષાબેન દીપકભાઈ લોડાયા, તેરા-યવતમાલ, યોગીતાબેન મનીષભાઈ લોડાયા, બારોઈ-નાસિક એ તરત નિર્ણય લીધો અમે માતાને અંતિમ વિદાય આપીશું... આ દીકરીઓ પહેલા પ્લેનથી રાયપુર રવાના થઈ, આવી પહોંચી.

જ્યારે દીકરીઓ ના કાંધે માતાની અંતિમ વિદાય નિકળી ત્યારે પુરો રાયપુર સમાજ ભાવવિભોર અશ્રુપુરિત આ વિરલ ઘટના જોઈને મનોમન આર્શીવાદ આપવા લાગ્યો કે દીકરીઓ હોય તો આવી... આજના યુગમાં ચારે બહેનોએ સાબિત કરી દીધું કે સમય આવે દીકરીઓ પણ દીકરાઓથી પાછળ રહે તેમ નથી. ધન્ય છે આ બહેનોને, નમન છે, ગર્વ છે આ બહેનો ઉપર..

**- પ્રવીણ માણેકજી મૈશેરી**, રાયપુર



## લગ્ન જીવનની સુવર્ણ જયંતીએ
## હાર્દિક અભિનંદન

તા. ૧૩-૫-૧૯૬૫ • તા. ૧૩-૫-૨૦૧૫

# શ્રીમતી હિરાવંતી કુસુમકાંત નાગડા
# શ્રી કુસુમકાંત ટોકરશી નાગડા

સોહામણા, સુખી અને પ્રસન્ન દાંપત્ય જીવનની સુર્વણ જયંતીએ આપ દંપતીને એ જ શુભેચ્છા કે
સુરજના તેજસ્વી કિરણો સદા રોશની આપે તમારા જીવનમાં !
ચંદ્રના શીતળ કિરણો સદા શીતળતા આપે તમારા જીવનમાં !
સદા સલામત રહે આપનો સંસાર, ખુશીઓ વરસતી રહે અપરંપાર !

હાર્દિક શુભેચ્છા સહ

**માતુશ્રી વિજયાબેન ટોકરશી નાગડા**
**માતુશ્રી ચંદનબેન વિસનજી મોમાયા**
**કુમુદ મુકેશ ગિરી, નીલમ વિજય દંડ, પિન્કી ભુવન કુસુમકાંત નાગડા, ધારીણી, ચિંતન, ખ્યાતિ**

***નાગડા અને મોમાયા પરિવારના જય જિનેન્દ્ર !***

## પાસ થયા અભિનંદન
## અમારા પરિવારનું ગૌરવ



**ચિ. અર્પિત મહેન્દ્ર મોમાયા**
(Graduate)
B.Sc., BIO Technology



**ચિ. રિદ્ધી મહેન્દ્ર મોમાયા**
**(H.S.C. 84%)**
College માં II Rank

**મહેન્દ્ર ડોસાભાઈ ખીમજી મોમાયા**
કચ્છ ગામ બારોઈ, હાલ નાશીક

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# હાર્દિક અભિનંદન



## ચિ. કરણ પ્રજ્ઞેશ જૈન કોઠારા – મુલુંડ

જે. કે. સિંઘાણીયા કોલેજમાં અભ્યાસ કરતા
ચિ. કરણ એ H.S.C. Board માં 94% મેળવી અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે.
આ અનેરી સિધ્ધિ બદલ અભિનંદન તથા તેમના ઉજ્જ્વલ ભવિષ્ય માટે
હાર્દિક શુભેચ્છાઓ સાથે

**શુભાશીષ**

દાદાણા : સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન પરિવાર (કોઠારા – મુલુંડ)
નાનાણા : માતુશ્રી લતાબેન લક્ષ્મીચંદ મેઘજી દંડ પરિવાર (લુણી)

**M/s. EXIM TRANSTRADE (I) P. LTD.**

• PHYSICS : 92 • MATHS : 95 • COMPUTER : 99 • CHEMESTRY : 88 • ENGLISH : 94

## માલદે તથા ધરમશી પરિવારનું ગૌરવ



**ચિંતન કીરીટ માલદે**

C.B.S.E. Board માં 97.4% સાથે
ઉત્તીર્ણ થવા બદલ હાર્દિક અભિનંદન

લી. માતુશ્રી જયાબેન પુનશી માલદે પરિવાર દલતુંગી – મુલુન્ડ
માતુશ્રી મણીબેન પદમશી ધરમશી પરિવાર જખૌ – ડોંબીવલી
દિવ્ય આશીષ : દમયંતી – હરીશ ધરમશી

## બીપીન નાગડાના સન્માનની વણથંભી વણઝાર



જ્ઞાતિના અગ્રણી વીમા એજન્ટ બીપીન નાગડા સતત ઉંચાને ઉંચા શિખરો સર કરી સન્માનો મેળવતા રહે છે. તાજેતરમાં એપોલો મુનિચ હેલ્થ ઈન્શુરન્સ કંપનીએ તેમને સપરિવાર મકાઉ અને હોંગકોંગ આમંત્રી સી.એમ.ઓ. કલબના સભ્ય તરીકે આવકારી સન્માન કરવા સાથે કાર ભેટ આપી.
આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડ કંપનીએ સી.ઈ.ઓ કલબના સભ્ય તરીકે આવકારી સપરિવાર ચીન અને રશિયાની સહેલ કરાવી.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,